સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 16

[APR - 2020]

[12/04/20 to 18/04/20]


**સંપાદક**

મૌલિક ગોંધિયા

(Director - ICE)



ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

**ICE DAILY doseના Questions**

**ડાઉનલોડ કરવા અહીં કલિક કરો**





## CURRENT TOPICS

- ✔ જામનગર જિલ્લા જેલ લોકડાઉનમાં બંદિવાનો માટે ઈ-મનીઓર્ડરની સુવિધા શરૂ કરનાર ભારતની પ્રથમ જેલ બની
- ✔ RBIના પૂર્વ ગવર્નર શ્રી રઘુરામ રાજનનો IMFની સલાહકાર સમિતિમાં સમાવેશ
- ✔ 'આરોગ્ય સેતુ' સૌથી ઓછા સમયમાં 5 કરોડ યુઝર્સ દ્વારા ડાઉનલોડ થનારી વિશ્વની સૌથી ઝડપી એપ બની
- ✔ નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો વિકાસ દર 1.9 ટકા રહેવાનો IMFનો અંદાજ
- ✔ ગુજરાતના GBRCની વિશિષ્ટ સિદ્ધિ : ભારતમાં સૌપ્રથમ વખત કોરોનાનું વંશસૂત્ર શોધવામાં GBRCને મળી સફળતા
- ✔ ભારતમાં RBI દ્વારા રિવર્સ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો : રિવર્સ રેપો રેટ 4.0 ટકાથી ઘટીને 3.75 ટકા થયો


www.ICEONLINE.IN

9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**12 APRIL, 2020 SUNDAY**

## ➢ દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International Day of Human Space Flight)

## ➢ અમરેલી પોલીસ તંત્ર દ્વારા આગવી પહેલ : લોકમિત્ર એપ્લિકેશનથી આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડિલિવરી




ગુજરાતમાં **અમરેલી જિલ્લા પોલીસ** દ્વારા **'લોકમિત્ર'** નામની એક **મોબાઈલ એપ** લોન્ચ કરવામાં આવી છે.

- લોકડાઉન દરમિયાન નાગરિકોને **જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવામાં સરળતા રહે તે માટે** અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- આ એપની મદદથી **અમરેલી** સહિત **સાવરકુંડલા** અને **જાફરાબાદ**ના લોકોને પણ ઘરે બેઠા જ આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડિલિવરી મળશે.

### 'લોકમિત્ર' એપની વિશેષતા

આ એપમાં ફળો, શાકભાજી, દૂધ, દવાઓ, કરિયાણા જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વેપારીઓના નામ, સરનામાં અને ફોન નંબર આપેલા છે.

- જેથી લોકો પોતાની નજીકની દુકાનનો સંપર્ક કરીને ઘરે બેઠા જ તમામ સામાન મેળવી શકશે.
- આ ઉપરાંત શહેરના ચિકિત્સકો વિશેની માહિતી પણ આ એપ્લિકેશનમાં આપવામાં આવી છે.
- આ એપ દ્વારા સરકાર તરફથી જાહેર કરવામાં આવતી માહિતી તેમજ નિયમો વિશે પણ જાણકારી મેળવી શકાશે.

## ➢ ગુજરાતની પ્રથમ ખાનગી COVID-19 હોસ્પિટલનો કચ્છના આદિપુરમાં પ્રારંભ

ગુજરાતમાં **કચ્છ**ના **આદિપુર** ખાતે આવેલી **હરિ ૐ ટ્રસ્ટ**ની ખાલી ઈમારતને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા **કોવિડ-19 હોસ્પિટલ** તરીકે વિકસાવવામાં આવી છે.

- આ સાથે જ **કચ્છ**ના **આદિપુર** ખાતે આવેલી **હરિ ૐ COVID-19 હોસ્પિટલ** ગુજરાતની **પ્રથમ ખાનગી COVID-19 હોસ્પિટલ** બની ગઈ છે.
- આ હોસ્પિટલમાં કોરોનાના કોઈપણ શંકાસ્પદ લક્ષણો ધરાવતાં દર્દીઓ તેમજ ફ્લુના દર્દીઓને પણ સારવાર આપવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE

**નોંધ :** (1) ગુજરાત સરકાર દ્વારા જિલ્લા કલેકટરોને વિશેષ અધિકાર આપી ગુજરાતમાં 31 ખાનગી COVID-19 હોસ્પિટલ વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

(2) આ અંતર્ગત કચ્છના આદિપુર ખાતે આ પ્રથમ ખાનગી COVID-19 હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ➢ જામનગર જિલ્લા જેલ લોકડાઉનમાં બંદિવાનો માટે ઈ-મનીઓર્ડરની સુવિધા શરૂ કરનાર ભારતની પ્રથમ જેલ બની

ગુજરાતમાં **જામનગર જિલ્લા જેલ** દ્વારા જેલના કેદીઓ માટે **ઈ-મનીઓર્ડર**ની સુવિધા શરૂ કરવામાં આવી છે.

- આ સાથે જ **જામનગર જિલ્લા જેલ** જેલના કેદીઓ માટે **ઈ-મનીઓર્ડર**ની સુવિધા શરૂ કરનાર **ભારતની પ્રથમ જેલ** બની ગઈ છે.
- આ માટે **જામનગર** તથા **દેવભૂમિ દ્વારકા**ની **પોસ્ટ ઓફિસો** દ્વારા આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આથી, **જામનગર** તથા **દેવભૂમિ દ્વારકા પોસ્ટ ઓફિસો** પણ જેલના કેદીઓ માટે **ઈ-મનીઓર્ડર**ની સુવિધા શરૂ કરનાર **ભારતની પ્રથમ પોસ્ટ ઓફિસો** બની ગઈ છે.
- જેલમાં રહેલા કેદીઓ માટે મનીઓર્ડર એ માસિક ખર્ચ માટે બહારથી પૈસા મેળવવાનું એકમાત્ર માધ્યમ હોય છે.
- આથી, લોકડાઉન દરમિયાન તેમને તકલીફ ન પડે તે માટે આ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) આ સુવિધા દ્વારા જેલના કેદીઓ રૂ. 2000 સુધીની મર્યાદામાં પરિવારજનો પાસેથી પૈસા મંગાવી શકશે.

(2) જેલના કેદીઓને મનીઓર્ડરની આ સુવિધા મળતા તેઓ કેન્ટીનમાંથી દૂધ, છાશ વગેરે જેવી વસ્તુઓ ખરીદી શકશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ આગામી શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓના વાલીઓના હિતમાં ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય



કોરોના લોકડાઉનને કારણે દેશમાં અનેક લોકોના ધંધા–રોજગાર–વ્યવસાયમાં વ્યાપક અસર થઈ છે.

- આથી, આ સ્થિતિમાં ગુજરાતમાં **વિદ્યાર્થીઓના વાલીઓને** આર્થિક બોજમાં રાહત આપવા માટે **ગુજરાત સરકારે** કેટલાક અગત્યના નિર્ણયો કર્યા છે. જે આ પ્રમાણે છે :

(1) ગુજરાતના શાળા સંચાલકો આવતા શૈક્ષણિક વર્ષમાં **શાળામાં ફી વધારો કરી શકશે નહિ.**

(2) લોકડાઉન પૂરું થયા બાદ શાળાઓ **ફીની વસુલાત માટે ઉતાવળ કરશે નહિ.**

(3) વાલીની આર્થિક સ્થિતિ જો સારી ન હોય તો જરૂર પડ્યે ફી ભરવાની મર્યાદા **છ મહિના સુધી** વધારી આપવામાં આવશે.

(4) વાલીઓ પોતાના બાળકની ફી **ત્રિમાસિક**ને બદલે **દરમહિને** એટલે કે **માસિક** ધોરણે પણ ભરી શકશે.





SPECIAL ISSUE
360° વિશ્લેષણ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

CORONA VIRUS
SP. ISSUE
ડાઉનલોડ કરવા
અહીં ક્લિક કરો

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

ICE Questions

1. 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ' અથવા તો 'International Day of Human Space Flight' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ **(C)**

2. લોકડાઉન દરમિયાન લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ ઘેર બેઠા જ મળી રહે તે માટે ગુજરાતના કયા જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) જામનગર (B) ભાવનગર (C) પોરબંદર (D) અમરેલી **(D)**

3. લોકડાઉન દરમિયાન લોકોને આવશ્યક ચીજ વસ્તુઓ ઘેર બેઠા જ મળી રહે તે માટે ગુજરાતમાં અમરેલી પોલીસ દ્વારા કઈ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) લોકસેતુ (B) લોકમિત્ર (C) લોકસાથી (D) લોકસેવા **(B)**

4. ગુજરાતના કયા જિલ્લામાં ગુજરાતની પ્રથમ ખાનગી COVID-19 હોસ્પિટલનો પ્રારંભ થયો છે ?
(A) કચ્છ (B) દેવભૂમિ દ્વારકા (C) સાબરકાંઠા (D) બનાસકાંઠા **(A)**

5. ગુજરાતમાં કઈ જગ્યાએ ગુજરાતની પ્રથમ ખાનગી COVID-19 હોસ્પિટલનો શુભારંભ થયો છે ?
(A) ભૂજ (B) માંડવી (C) આદિગઢ (D) આદિપુર **(D)**

6. લોકડાઉનમાં જેલના કેદીઓ માટે ઈ–મનીઓર્ડરની સુવિધા શરૂ કરનાર ભારતની પ્રથમ જિલ્લા જેલ કઈ છે ?
(A) અમરેલી (B) જામનગર (C) સુરેન્દ્રનગર (D) ભાવનગર **(B)**

7. આગામી શૈક્ષણિક વર્ષમાં ગુજરાતમાં વિદ્યાર્થીઓના વાલીઓના હિતમાં ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. આવતા શૈક્ષણિક વર્ષમાં શાળા સંચાલકો શાળામાં ફી વધારો કરી શકશે નહિ.
2. આ માટે વધારાની ફી સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.
(A) 1 અને 2 (B) ફક્ત-1
(C) ફક્ત-2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13 APRIL, 2020 MONDAY

## ➤ RBIના પૂર્વ ગવર્નર શ્રી રઘુરામ રાજનનો IMFની સલાહકાર સમિતિમાં સમાવેશ



**IMF**ના વડા **સુશ્રી ક્રિસ્ટેલિના જોર્જિવા**એ તેમને સલાહ આપવા માટે **11 અર્થશાસ્ત્રીઓ**ના એક નવા **એક્સટર્નલ એડવાઈઝરી ગ્રૂપ**ની રચના કરી છે.

- IMFના વડાએ પોતાની આ સલાહકાર સમિતિમાં ભારતના રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના પૂર્વ ગવર્નર **શ્રી રઘુરામ રાજન**નો સમાવેશ કર્યો છે.
- કોરોના વાઈરસને કારણે ઊભા થયેલા વૈશ્વિક આર્થિક સંકટમાં આ જૂથ નીતિગત મુદ્દે મહત્ત્વના સલાહ સૂચનો આપશે.

### IMF

**IMF**નું પૂરું નામ **International Monetary Fund** છે.

- IMFએ વૈશ્વિક સ્તરે આર્થિક સ્થિતિ પર નજર રાખતી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- વર્તમાન સમયે (13 એપ્રિલ, 2020ની સ્થિતિએ) તેના સભ્ય દેશોની સંખ્યા **189** છે.
- **1944**માં મળેલી **Bretton Woods Conference**માં આ સંસ્થાની સ્થાપનાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- અને એ નિર્ણયના અમલ સ્વરૂપે **27 ડિસેમ્બર 1945**ના રોજ IMFની સ્થાપના થઈ હતી.
- તેનું વડુંમથક **અમેરિકાના વોશિંગ્ટન ડિસી** ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કોરોના મહામારી દરમિયાન લોકોના શારીરિક-માનસિક સ્વાસ્થ્યના નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર 1100નો પ્રારંભ

**કોરોના મહામારી** દરમિયાન ગુજરાતમાં **આઈસોલેશન** અથવા **હોમ ક્વોરન્ટાઈન** કરવામાં આવેલા વ્યક્તિઓને **શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય** અંગેની સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા **હેલ્પલાઈન નંબર 1100**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### આ હેલ્પલાઈનનો ક્યાં પ્રારંભ થયો છે ?

ગુજરાતમાં **અમદાવાદ**ના **કઠવાડા** ખાતે આવેલા **GVK EMRI 108**ના સેન્ટરમાં આ હેલ્પલાઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આ હેલ્પલાઈન દ્વારા કઈ સુવિધા મળશે ?

આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલા દર્દીઓને શારીરિક–માનસિક સ્વાસ્થ્યના નિવારણ માટે વિવિધ સેવાઓ 24x7 કલાક ઉપલબ્ધ થશે.

- જેમાં MBBS, MD ફિઝિશિયન, ક્લિનિકલ સાકોલોજીસ્ટ અને સાઈકીયાટીસ્ટ નિષ્ણાંત તબીબો દ્વારા ટેલી મેડિસીન, ટેલી કાઉન્સેલિંગ અને ટેલી એડવાઈઝ જેવી સુવિધાઓ આપવામાં આવશે.

## ➤ 1883માં 36 હજારનો ભોગ લેનાર ઈન્ડોનેશિયાનો અનાક ક્રાકાટોઓ જવાળામુખી ફરીથી સક્રિય

ઈન્ડોનેશિયામાં આવેલો અનાક ક્રાકાટોઓ નામનો જવાળામુખી ફરીથી સક્રિય થઈ ગયો છે.

- આ જવાળામુખી ફાટવાનો અવાજ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ 150 કિમી દૂર આવેલા જાકાર્તામાં પણ સંભળાયો હતો.
- એવું કહેવાય છે કે ડિસેમ્બર 2018 બાદનો આ સૌથી શક્તિશાળી વિસ્ફોટ હતો.
- ઈન્ડોનેશિયામાં જાવા અને સુમાત્રા ટાપુઓની વચ્ચે આવેલા ઈન્ડોનેશિયાના લામપુંગ પ્રાંતમાં આ જવાળામુખી આવેલો છે.
- વર્ષ 1883માં આ જવાળામુખી ફાટવાથી 36,000થી વધુ લોકોનાં મોત થયા હતા.

## ➤ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ગરીબોને 5 કિલોગ્રામના 8 સિલિન્ડર વિનામૂલ્યે મળશે

કોરોના લોકડાઉન દરમિયાન દેશના ગરીબ તથા શ્રમિક વર્ગને રાહત આપવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' નામથી એક રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.

- આ પેકેજ અંતર્ગત ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ મહિના ગેસ સિલિન્ડર ફ્રી આપવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ જાહેરાત અંતર્ગત 5 કિલોગ્રામના સિલિન્ડરનો વપરાશકર્તા ગરીબ પરિવારોને એપ્રિલ, મે અને જૂન મહિના દરમિયાન કુલ 8 સિલિન્ડર ફ્રી આપવામાં આવશે.
- જ્યારે 14.2 કિલોગ્રામના ગેસ સિલિન્ડરોનો ઉપયોગ કરી રહેલા લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ મહિના દરમિયાન કુલ 3 સિલિન્ડર ફ્રી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Pradhan Mantri Ujjwala Yojana (PMUY)




ભારતમાં 1 મે 2016ના રોજ ઉત્તરપ્રદેશના બલિયા ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

- આ યોજના અંતર્ગત ભારતમાં BPL પરિવારની ગરીબ મહિલાઓને ફ્રી LPG કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- આ યોજના અંતર્ગત સપ્ટેમ્બર, 2019 સુધીમાં ભારતમાં 8 કરોડથી વધુ લાભાર્થીઓને ફ્રી LPG કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના

26 માર્ચ 2020ના રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ભારતમાં રૂપિયા 1.70 લાખ કરોડની 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'ની જાહેરાત કરી હતી.

- કોરોના વાઈરસના પ્રકોપને કારણે ભારતમાં જાહેર કરવામાં આવેલા સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિમાં ગરીબો તથા ભારતીય અર્થવ્યવસ્થાને મદદ મળી રહે તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.
- ભારતમાં કોઈ ગરીબ ભૂખ્યો ન રહે એ આ યોજનાનો હેતુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ યોજનાની વિશેષતા

(1) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત લાભાર્થી ગરીબોને ત્રણ મહિના સુધી 5 કિલો વધારાનું અનાજ ફ્રી મળશે. જેમાં ઘઉં અને ચોખાનો સમાવેશ થાય છે.

- આ ઉપરાંત 1 કિલો દાળ પણ આપવામાં આવશે.
- ભારતમાં 80 કરોડ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(2) મહિલાઓના જનધન ખાતાઓમાં આવતા ત્રણ મહિના સુધી દર મહિને રૂ. 500 નાખવામાં આવશે.

(3) મનરેગા યોજના અંતર્ગત આપવામાં આવતી રકમ પ્રતિદિન રૂ. 182થી વધારીને રૂ. 202 કરવામાં આવી છે.

(4) કોરોના વાઈરસ સામે લડતા સ્વાસ્થ્ય કર્મચારીઓને આવતા ત્રણ મહિના સુધી પ્રતિ વ્યક્તિ રૂ. 50 લાખનું વીમા કવચ આપવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ યોજનાથી 20 લાખ કર્મચારીઓને લાભ થશે. જેમાં સરકારી હોસ્પિટલોમાં કામ કરતાં ડોકટર, નર્સ, આશા વર્કર તથા સફાઈ કર્મચારી સહિત તમામ મેડિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.

(5) એપ્રિલ મહિનાના પહેલા વીકમાં **PM KISAN યોજના**ના લાભાર્થી ખેડૂતોના ખાતામાં **રૂ. 2000** નાખવામાં આવશે.

- જેનાથી દેશના 8.60 કરોડ ખેડૂતોને લાભ થશે.

(6) ભારતમાં આશરે ત્રણ કરોડ જેટલા **વૃદ્ધો, વિધવા બહેનો અને દિવ્યાંગો**ને વધારાના **રૂ. 1000** આપવામાં આવશે.

(7) **ઉજ્જવલા યોજના**ના લાભાર્થીઓને આવતા **3 મહિના** સુધી **ગેસ સિલિન્ડર ફ્રી** આપવામાં આવશે.

(8) **દીનદયાળ યોજના** અંતર્ગત **સ્વસહાય જૂથની મહિલાઓ**ને **રૂ. 20 લાખ** સુધીની લોન મળશે.

- આ અગાઉ **રૂ. 10 લાખ** સુધી આ લોન આપવામાં આવતી હતી.

(9) આવતા **ત્રણ મહિના** સુધી EPF ખાતામાં કર્મચારી તથા કંપનીનો હિસ્સો સરકાર ચૂકવશે.

- જેમાં **કંપનીનો 12 ટકા** અને **કર્મચારીનો 12 ટકા** એમ PFનો કુલ **24 ટકા હિસ્સો** સરકાર ચૂકવશે.
- **100 કે તેથી ઓછા કર્મચારી** ધરાવતી કંપનીના **રૂ. 15,000 કે તેથી ઓછું** વેતન ધરાવતા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે.

(10) કર્મચારીઓ હવે તેમના PF ખાતામાંથી કુલ જમા રકમના **75 ટકા** સુધી રકમ ઉપાડી શકશે.

## ➤ નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વિકાસદર 1.5થી 2.8 ટકા રહેવાનો વર્લ્ડ બેન્કનો અંદાજ

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા **વર્લ્ડ બેન્ક**ના **સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ** અનુસાર નાણાકીય વર્ષ **2020-21**માં **ભારત**નો આર્થિક વિકાસ દર (અથવા તો GDP વૃદ્ધિ દર) ઘટીને **1.5થી 2.8 ટકા** રહેવાની સંભાવના છે.

- કોરોના મહામારીને કારણે થનાર આર્થિક નુકસાનને કારણે ભારતના વૃદ્ધિ દરમાં આ ઘટાડો જોવા મળશે.
- વર્લ્ડ બેન્કના અંદાજ અનુસાર આ અગાઉના નાણાકીય વર્ષ **2019-20**માં ભારતનો GDP વૃદ્ધિ દર **4.8 ટકાથી 5 ટકા** રહેવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## World Bank

**World Bank** એ સભ્ય દેશોને લોન ઉપલબ્ધ કરાવવા માટેની **યુનાઈટેડ નેશન્સ**ની એક વિશિષ્ટ સંસ્થા છે.

- વર્લ્ડ બેન્ક દ્વારા ફક્ત **વિકાસશીલ દેશો**ને જ લોન આપવામાં આવે છે.
- વર્લ્ડ બેન્કની સ્થાપના **1944**માં થઈ હતી.
- તેનું વડું મથક **અમેરિકા**ના **વોશિંગ્ટન ડિસી** ખાતે આવેલું છે.
- **વર્લ્ડ બેન્ક**નો Motto (ધ્યેય વાક્ય) **'Working for a World Free of Poverty'** છે.

## ICE Questions

1. IMFના વડા સુશ્રી ક્રિસ્ટેલિના જોર્જિવાના 'એકસટર્નલ એડવાઈઝરી ગ્રૂપ'માં (અથવા તો 'બહારની સલાહકાર સમિતિ'માં) ભારતના કયા મહાનુભાવનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
   (A) શ્રી આર. સુબ્રમણ્યમ (B) શ્રી શક્તિકાંતા દાસ
   (C) શ્રી રઘુરામ રાજન (D) શ્રી ઉર્જિત પટેલ **(C)**

2. કોરોના મહામારી દરમિયાન ગુજરાતમાં આઈસોલેશન અથવા તો હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલા વ્યક્તિઓના શારીરિક–માનસિક સ્વાસ્થ્યના નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા કયા હેલ્પલાઈન નંબરનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) 1011 (B) 1100 (C) 1101 (D) 1111 **(B)**

3. ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા GVK EMRI 108ના સેન્ટરમાં હેલ્પલાઈન નંબર 1100નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) કઠલાલ, અમદાવાદ (B) કઠવાડા, અમદાવાદ
   (C) વસ્ત્રાપુર, અમદાવાદ (D) વસ્ત્રાલ, અમદાવાદ **(B)**

4. વર્ષ 1883માં 36 હજારથી વધુ લોકોનો ભોગ લેનાર ઈન્ડોનેશિયાનો કયો જવાળામુખી એપ્રિલ 2020 દરમિયાન ફરીથી સક્રિય થયો છે ?
   (A) માઉન્ટ અગુન્ગ (B) માઉન્ટ બ્રોમો
   (C) માઉન્ટ મેરાપી (D) અનાક ક્રાકાટોઓ **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' અંતર્ગત થયેલી જાહેરાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થી પરિવારોને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ મહિના દરમિયાન LPG સિલિન્ડર ફ્રી મળશે.
2. 5 કિલોગ્રામ સિલિન્ડરનો વપરાશ કર્તા ગરીબોને કુલ 8 અને 14.2 કિલોગ્રામ સિલિન્ડરનો વપરાશ કરતા પરિવારોને કુલ 3 સિલિન્ડર ફ્રી મળશે.

(A) 1 અને 2 (B) ફક્ત - 1
(C) ફક્ત - 2 (D) બેમાંથી એકપણ નહિ

**(A)**

6. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતમાં 1 મે 2016ના રોજ ઉત્તરપ્રદેશના બલિયા ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.
2. આ યોજના અંતર્ગત ભારતમાં BPL પરિવારની ગરીબ મહિલાઓને ફ્રી CNG કનેકશન આપવામાં આવે છે.

(A) 1 અને 2 (B) ફક્ત - 1
(C) ફક્ત - 2 (D) બેમાંથી એકપણ નહિ

**(B)**

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?

(A) 1.2 ટકાથી 2.4 ટકા (B) 1.5 ટકાથી 2.8 ટકા
(C) 2.2 ટકાથી 3.4 ટકા (D) 2.5 ટકાથી 3.8 ટકા

**(B)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 14 APRIL, 2020 TUESDAY

➤ **દિવસ મહિમા : 14 એપ્રિલ (1) ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી**
**(2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન**

## ➤ નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો વિકાસ દર 1.9 ટકા રહેવાનો IMFનો અંદાજ

તાજેતરમાં <u>IMF</u> દ્વારા જાહેર કરવામાં આવેલા <u>વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ</u> અનુસાર નાણાકીય વર્ષ <u>2020-21</u>માં <u>ભારત</u>નો GDP વૃદ્ધિ દર <u>1.9 ટકા</u> રહેવાનો અંદાજ છે.

- જે વર્ષ 1991 બાદ ભારતનો સૌથી ઓછો આર્થિક વૃદ્ધિ દર હશે.




- જ્યારે આ સમય દરમિયાન એટલે કે નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ચીનનો આર્થિક વિકાસ દર 1.2 ટકા રહેવાનો IMFનો અંદાજ છે.
- આ ઉપરાંત IMFના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર 7.4 ટકા અને ચીનનો આર્થિક વૃદ્ધિ દર 9.2 ટકા રહેવાની સંભાવના છે.

**વિવિધ સંસ્થાઓ દ્વારા નાણાકીય વર્ષ 2020-21માં ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ**

| ક્રમ | સંસ્થા | ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ |
|---|---|---|
| 1 | IMF | 1.9 ટકા |
| 2 | World Bank | 1.5 થી 2.8 ટકા |
| 3 | Fitch | 2.0 ટકા |
| 4 | Moody's | 2.5 ટકા |
| 5 | UN (United Nations) | 4.8 ટકા |
| 6 | ADB (Asian Devlopment Bank) | 4.0 ટકા |
| 7 | S & P (Standard & Poor's) | 3.5 ટકા |

**નોંધ :** IMFનું પૂરું નામ International Monetary Fund છે.


## ➤ જલિયાંવાલા બાગ હત્યાકાંડની 101મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 2020ના રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડની 101મી વર્ષગાંઠ હતી.

### જલિયાંવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશ વ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ થઈ હતી.




- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં <u>ડો. સત્યપાલ</u> અને <u>શ્રી સૈફુદ્દીન કિચલુ</u> દ્વારા સરઘસ કાઢવામાં આવ્યું હતું.
- 10 એપ્રિલ, 1919ના રોજ અંગ્રેજ સરકારે તેમની પણ ધરપકડ કરી હતી.
- ડો. સત્યપાલ અને શ્રી સૈફુદ્દીન કિચલુ પંજાબના લોકપ્રિય નેતા હતા.
- આથી, પોતાના આ લોકપ્રિય નેતાઓની ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસારના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતાં તે લશ્કરી ટુકડી સાથે જલિયાંવાલા પહોંચી ગયો હતો. અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા.
- બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત <u>જનરલ ડાયરનું</u> પૂરું નામ <u>બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર</u> છે.
- જનરલ ડાયરના આ પિશાચી કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા <u>'હંટર કમિશન'</u>ની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા <u>'અણસમજથી થયેલી ભૂલ'</u> ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે <u>શ્રી મદનમોહન માલવીયા</u>ની અધ્યક્ષતામાં <u>એક સમિતિનું</u> ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં <u>શ્રી રવિન્દ્રનાથ ટાગોરે</u> <u>'નાઈટહૂડ'</u> તથા <u>શ્રી જમનાદાસ બજાજે</u> <u>'રાયબહાદુર'</u>ની ઉપાધીનો ત્યાગ કર્યો હતો.

## જલિયાંવાલા બાગ સ્મારક

ભારતની સંસદ દ્વારા <u>'જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951'</u> પસાર કરીને જલિયાંવાલા બાગને <u>'રાષ્ટ્રીય સ્મારક'</u> જાહેર કરવામાં આવ્યું છે.

- <u>'જલિયાંવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' (JBNMT)</u> દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE® MAGIC 2020

**WEEK 1 TO 14 Download કરવા માટે નીચે આપેલ Thumb પર ક્લિક કરો**

**WEEK 01**
CLICK HERE
29/12/19 TO 04/01/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 01

**WEEK 02**
CLICK HERE
05/01/20 TO 11/01/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 02

**WEEK 03**
CLICK HERE
12/01/20 TO 18/01/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 03

**WEEK 04**
CLICK HERE
19/01/20 TO 25/01/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 04

**WEEK 05**
CLICK HERE
26/01/20 TO 01/02/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 05

**WEEK 06**
CLICK HERE
02/02/20 TO 08/02/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 06

**WEEK 07**
CLICK HERE
09/02/20 TO 15/02/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 07

**WEEK 08**
CLICK HERE
16/02/20 TO 22/02/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 08

**WEEK 09**
CLICK HERE
23/02/20 TO 29/02/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 09

**WEEK 10**
CLICK HERE
01/03/20 TO 07/03/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 10

**WEEK 11**
CLICK HERE
08/03/20 TO 14/03/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK- 11

**WEEK 12**
CLICK HERE
15/03/20 TO 21/03/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK-12

**WEEK 13**
CLICK HERE
22/03/20 TO 28/03/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK-13

**WEEK 14**
CLICK HERE
29/03/20 TO 04/04/20
CURRENT AFFAIRS ICE MAGIC WEEK-14

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

## ➤ અટલ ટિંકરિંગ લેબના વિદ્યાર્થીઓ માટે CollabCAD સોફ્ટવેર લોન્ચ

13 એપ્રિલ 2020ના રોજ ભારતમાં અટલ ટિંકરિંગ લેબના વિદ્યાર્થીઓ માટે કોલેબકેડ (CollabCAD) નામનું એક સોફ્ટવેર લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતમાં અટલ ટિંકરિંગ લેબના વિદ્યાર્થીઓ પોતાની કલ્પના તથા સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને 3D ડિઝાઈન બનાવી શકે તે માટે તથા તેમાં સંશોધન કરી શકે તે માટે આ સોફ્ટવેર લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ સોફ્ટવેર કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ?

ભારતમાં નીતિ આયોગ, Atal Innovation Mission અને National Informatics Centre (NIC) દ્વારા આ સોફ્ટવેર લોન્ચ કરવામાં આવ્યું છે.

### અટલ ટિંકરિંગ લેબ શું છે ?

ભારતમાં Innovation અને Entrepreneurshipને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગ દ્વારા Atal Innovation Missionની સ્થાપના કરવામાં આવી છે. આ અંતર્ગત –

- ભારતમાં સ્કૂલના બાળકોમાં નૂતન વિચારો અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે 'અટલ ઈનોવેશન મિશન' દ્વારા ભારતના તમામ જિલ્લાઓમાં 'Atal Tinkering Lab' (ATL)ની સ્થાપના કરવામાં આવી રહી છે.
- આ માટે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કુલ 14,916 સ્કૂલોની પસંદગી કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ IIT બોમ્બે દ્વારા કોરોના સામેની લડતમાં ઉપયોગી થાય તેવા ડિજિટલ સ્ટેથોસ્કોપની શોધ

ભારતમાં IIT બોમ્બે દ્વારા તાજેતરમાં એક Digital Stethoscope વિકસાવવામાં આવ્યું છે.

- ભારતમાં કોરોનાથી ડોકટરોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે માટે આ ડિજિટલ સ્ટેથોસ્કોપ વિકસાવવામાં આવ્યું છે.
- સ્ટેથોસ્કોપનો ઉપયોગ દર્દીના હૃદયના ધબકારા માપવા માટે થાય છે.
- ખાસ કરીને કોરોના સંક્રમિત દર્દીના હૃદયના ધબકારા માપવા માટે વિકસાવવામાં આવેલા આ સ્ટેથોસ્કોપમાં બ્લુટૂથની મદદથી દૂરથી જ ધબકારા માપી શકાય છે.

- IIT બોમ્બેને આ ડિજિટલ સ્ટેથોસ્કોપની પેટેન્ટ પણ મળી ગઈ છે.
- અને AyuDevice દ્વારા આવા 1000 સ્ટેથોસ્કોપ તૈયાર કરીને ભારતની વિવિધ 1000 હોસ્પિટલોમાં પહોંચાડવામાં આવ્યા છે.

## ➤ COVID-19 ના મુકાબલા માટે કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા YUKTI Portal લોન્ચ




કોરોના મહામારીનો સામનો કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય** દ્વારા **YUKTI (યુક્તિ)** નામનું એક **Portal** લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ પોર્ટલનો ઉદ્દેશ્ય

ભારતમાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ માટેનું વાતાવરણ તૈયાર કરવા માટે તેમજ વિદ્યાર્થીઓના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યના રક્ષણ માટે આ પોર્ટલ અને ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ પોર્ટલનું પૂરું નામ

**YUKTI Portal**નું પૂરું નામ **'Young India Combating Covid-19 with Knowledge, Technology and Innovation'** છે.

**નોંધ :** આ પોર્ટલમાં COVID-19 સંબંધિત વિવિધ પડકારોને વિસ્તૃત રીતે આવરી લેવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. ભારતમાં કયો દિવસ ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરના જન્મદિન તરીકે ઉજવાય છે ?
   (A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ — (C)

2. ભારતમાં 'રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ — (C)

3. નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો IMFનો અંદાજ છે ?
   (A) 1.5 ટકા (B) 1.7 ટકા (C) 1.9 ટકા (D) 2.1 ટકા — (C)

4. 13 એપ્રિલ, 2020ના રોજ નીચેનામાંથી કઈ ઐતિહાસિક ઘટનાની 101મી વર્ષગાંઠ હતી ?
(A) ખેડા સત્યાગ્રહ (B) ખિલાફત આંદોલન
(C) અસહકાર આંદોલન (D) જલિયાંવાલા બાગ હત્યાકાંડ (D)

5. 'જલિયાંવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?
(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918
(C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 (D)

6. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના કયા શહેરમાં આવેલા જલિયાંવાલા બાગમાં હત્યાકાંડ થયો હતો ?
(A) લાહોર (B) જાલંધર (C) અમૃતસર (D) લુધિયાણા (C)

7. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાંવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?
(A) શ્રી લાલા લજપતરાય અને શ્રી સૈફુદ્દીન કિચલુ
(B) શ્રી લાલા લજપતરાય અને ડૉ. સત્યપાલ
(C) શ્રી સૈફુદ્દીન કિચલુ અને ડૉ. સત્યપાલ
(D) શ્રી સૈફુદ્દીન કિચલુ અને શ્રી ભગત સિંહ (C)

8. જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની રચના કરવામાં આવી હતી ?
(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન
(C) હંટર કમિશન (D) વાયલી કમિશન (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?
(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી જમનાલાલ બજાજ
(C) શ્રી સૈફુદ્દીન કિચલુ (D) શ્રી મદનમોહન માલવીય (D)

10. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં CollabCAD (કોલેબકેડ) નામનું એક સોફ્ટવેર લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે
(B) ભારતની તમામ IITના વિદ્યાર્થીઓ માટે
(C) ભારતની તમામ કોલેજોના વિદ્યાર્થીઓ માટે
(D) અટલ ટિંકરિંગ લેબના વિદ્યાર્થીઓ માટે (D)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

11. ભારતની કઈ સંસ્થા દ્વારા કોરોના મહામારી સામેની લડતમાં ઉપયોગી એવા ડિજિટલ સ્ટેથોસ્કોપની શોધ કરવામાં આવી છે ?
(A) IIT બોમ્બે (B) IIT બેંગાલુરૂ
(C) IIT ચેન્નાઈ (D) IIT દિલ્હી
**(A)**

12. COVID-19ના મુકાબલા માટે ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા યુક્તિ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (B) આયુષ
(C) માનવ સંસાધન વિકાસ (D) વિજ્ઞાન અને ટેક્નોલોજી
**(C)**

13. YUKTI Portalનું પૂરું નામ શું છે ?
(A) Young India Combating Covid-19 with knowledge, Technology and Invention
(B) Young India Combating Covid-19 with knowledge, Technology and Innovation
(C) Young India Combating Covid-19 with knowledge, Technology and Innovative
(D) Young India Combating Covid-19 with knowledge, Technology and Inverter
**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 15 APRIL, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 15 એપ્રિલ
(1) વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ (World Day of Culture અથવા Universal Day of Culture)
(2) વિશ્વ કલા દિવસ (World Art Day)

### ➤ 'આરોગ્ય સેતુ' સૌથી ઓછા સમયમાં 5 કરોડ યુઝર્સ દ્વારા ડાઉનલોડ થનારી વિશ્વની સૌથી ઝડપી એપ બની

15 એપ્રિલ 2020ના રોજ ભારતના <u>નીતિ આયોગ</u> દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર <u>ફક્ત 13 જ દિવસ</u>માં ભારતમાં <u>5 કરોડ</u> લોકોએ <u>'આરોગ્ય સેતુ'</u> એપ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી છે.

- આ સાથે જ <u>'આરોગ્ય સેતુ'</u> મોબાઈલ એપ સૌથી ઓછા સમયમાં <u>5 કરોડ યુઝર્સ</u> દ્વારા ડાઉનલોડ થયેલી <u>વિશ્વની સૌથી ઝડપી એપ</u> બની ગઈ છે.

## પોકેમોન ગો એપનો રેકોર્ડ તોડયો

આ અગાઉ વર્ષ **2016**માં **'પોકેમોન ગો'** નામની એક ગેમિંગ એપને ફક્ત **19 દિવસ**માં **50 મિલિયન** અથવા તો **5 કરોડ યુઝર્સ** દ્વારા ડાઉનલોડ કરવામાં આવી હતી.

- જોકે, 'આરોગ્ય સેતુ' એપે 'પોકેમોન ગો'નો આ રેકોર્ડ તોડી નાખ્યો છે.

## 'આરોગ્ય સેતુ' મોબાઈલ એપ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા માટે **'આરોગ્ય સેતુ' (Aarogya Setu)** નામની આ એપ લોન્ચ કરવામાં આવી છે.

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **જાહેર ખાનગી ભાગીદારી (Public Private Partnership - PPP)** મોડલ અંતર્ગત આ એપ તૈયાર કરવામાં આવી છે.

## 'આરોગ્ય સેતુ એપ'ની વિશેષતા

આ એપની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) આ એપ **ગુજરાતી, હિન્દી, અંગ્રેજી** સહિત **11 ભાષાઓ**માં ઉપલબ્ધ છે.

(2) આ મોબાઈલ એપ જેમણે ડાઉનલોડ કરી છે, તેની નજીક જો કોરોનાગ્રસ્ત વ્યક્તિ આવશે તો આ મોબાઈલ એપ નોટિફિકેશનથી જાણ કરશે.

(3) આ એપ **Google Play Store** પરથી ડાઉનલોડ કરી શકાય છે.

(4) આ મોબાઈલ એપ **એપલ** કે **એન્ડ્રોઈડ** કોઈપણ ફોનમાં ડાઉનલોડ કરી શકાય છે.

(5) આ એપ દ્વારા કોરોના વિશે સાચી અને સચોટ જાણકારી પણ મળી રહે છે.

(6) આ એપ દ્વારા COVID-19 ચેપ ફેલાવવાના જોખમનું આકલન કરવામાં અને જરૂર પડયે આઈસોલેશન સહિતના સમયસર જરૂરી પગલાં લેવામાં સરકારને મદદ થશે.

(7) આ એપ્લિકેશનની ડિઝાઈનમાં **ગોપનીયતા** સુનિશ્ચિત રહે તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

**નોંધ :** વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અપીલ બાદ માત્ર **24 કલાક**માં **1.1 કરોડ** લોકોએ આ એપ ડાઉનલોડ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ભારતમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા 'દેખો અપના દેશ' નામની Webinar Series લોન્ચ




14 એપ્રિલ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા 'દેખો અપના દેશ' નામથી એક વેબિનાર સિરિઝ લોન્ચ કરવામાં આવી છે.

- લોકડાઉનના સમયમાં લોકો જ્યારે ઘરથી બહાર નીકળી શકતા નથી ત્યારે અતુલ્ય ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસત અંગે લોકોને માહિતી આપવા અને એ અંગે જાગૃતિ કેળવવા માટે આ વેબિનાર સિરિઝ લોન્ચ કરવામાં આવી છે.
- આ વેબિનાર સિરિઝનો અન્ય એક હેતુ ભારતના વિવિધ સ્થળોની માહિતી દ્વારા લોકો ભવિષ્યમાં આવા સ્થળોની મુલાકાતનું આયોજન કરે તે પણ છે.

### પ્રથમ સિરિઝ

14 એપ્રિલ 2020ના રોજ યોજાયેલી આ વેબિનારની પ્રથમ સિરિઝનું ટાઈટલ 'City of Cities - Delhi's Personal Diary' હતું.

- દિલ્હીના લાંબા ઈતિહાસના સંદર્ભમાં આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

### બીજી સિરિઝ

16 એપ્રિલ 2020ના રોજ યોજાયેલ આ વેબિનારની બીજી સિરિઝનું શીર્ષક 'કોલકાતા - સંસ્કૃતિ કા સંગમ' (Calcutta - A Confluences of Culture) હતું.

- જેમાં કોલકાતાના ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### Webinar Series એટલે શું ?

Webinar એટલે Web-based Seminar.

- Web-based Seminarને ટૂંકમાં Webinar તરીકે ઓળખવામાં આવે છે.
- આવા Web - based Seminarની Series 'Webinar Series' તરીકે ઓળખાય છે.
- Webinarમાં કોઈ વ્યાખ્યાન, વર્કશોપ કે સેમિનારને વીડિયો કોન્ફરન્સિંગ સોફ્ટવેરની મદદથી Website પર પ્રસારિત કરવામાં આવે છે.
- આ વેબિનારની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં રીઅલ ટાઈમમાં માહિતી આપવાની, પ્રાપ્ત કરવાની અને ચર્ચા કરવાની સુવિધા હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'Pool Testing' શરૂ કરનાર ઉત્તરપ્રદેશ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

ICMR દ્વારા તાજેતરમાં ભારતના ઉત્તરપ્રદેશમાં COVID-19ના 'પૂલ પરીક્ષણ'ને મંજૂરી આપવામાં આવી છે.

- આ સાથે જ ઉત્તરપ્રદેશ 'પૂલ પરીક્ષણ' શરૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

### Pool Testing એટલે શું ?

ભારતમાં સામાન્ય રીતે કોરોના સંક્રમણની તપાસ વ્યક્તિગત રીતે કરવામાં આવે છે.

- પરંતુ જ્યારે એક સાથે એક કરતા વધારે લોકોના નમૂના એકત્ર કરીને જ્યારે તેનું ગ્રૂપમાં સામૂહિક પરીક્ષણ કરવામાં આવે ત્યારે તે 'Pool Testing' અથવા તો 'પૂલ પરીક્ષણ' તરીકે ઓળખાય છે.
- આ પરીક્ષણમાં કોઈ ગ્રૂપનો રિપોર્ટ નેગેટિવ આવે, તો તેનો અર્થ એ છે કે આ ગ્રૂપમાં સામેલ તમામ વ્યક્તિઓનો રિપોર્ટ નેગેટિવ છે.
- પરંતુ આ પરીક્ષણમાં કોઈ ગ્રૂપનો રિપોર્ટ પોઝિટિવ આવે, તો તેનો અર્થ એ છે કે આ ગ્રૂપમાં સમાવેશ પામેલ વ્યક્તિઓમાંથી કોઈ એકનો અથવા તો એકથી વધારે લોકોનો રિપોર્ટ પોઝિટિવ છે.
- આથી, આવા પોઝિટિવ રિપોર્ટ ધરાવતા જૂથના તમામ વ્યક્તિઓનું ત્યારબાદ વ્યક્તિગત ધોરણે પરીક્ષણ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Pool Testingનો ઉદ્દેશ

ભારતના ઉત્તરપ્રદેશમાં કોરોના સંક્રમણના પરીક્ષણમાં ઝડપ લાવી શકાય તે માટે આ Pool Testingને મંજૂરી આપવામાં આવી છે.

- આ પરીક્ષણનો મુખ્ય લાભ એ છે કે તેમાં ઓછી ટેસ્ટિંગ કીટોની મદદથી એક સાથે ઘણા બધા લોકોનું પરીક્ષણ કરી શકાય છે.
- આથી, તેમાં સમય, શક્તિ, નાણાં અને ખાસ કરીને ટેસ્ટિંગ કીટોની બચત થાય છે.

### ICMR

ICMRનું પૂરું નામ Indian Council of Medical Research છે.

- ICMR એ ભારતમાં બાયોમેડિકલ રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે તેની રચના અને સંકલન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.
- તે વિશ્વની સૌથી જૂની તબીબી સંસ્થાઓમાંની એક છે.

- આ સંસ્થાને ભારત સરકારના <u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય</u> દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- <u>IRFA (Indian Research Fund Association)</u> તરીકે તેની સ્થાપના <u>1911</u>માં થઈ હતી.
- <u>1949</u>માં તેનું નામ બદલીને <u>ICMR</u> કરવામાં આવ્યું હતું.

## ICE ? Questions

1. 'વિશ્વ સંસ્કૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ **(B)**

2. 'વિશ્વ કલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ **(B)**

3. 'આરોગ્ય સેતુ' એપના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. ફક્ત 13 દિવસમાં 5 કરોડ લોકોએ આ એપ ડાઉનલોડ કરીને રેકોર્ડ સર્જ્યો છે.
   2. આ અગાઉ 19 દિવસમાં 5 મિલિયન લોકોએ 'પોકેમોન ગો' એપ ડાઉનલોડ કરીને આ રેકોર્ડ સર્જ્યો હતો.
   3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલ બાદ માત્ર 24 કલાકમાં 2.1 કરોડ લોકોએ આ એપ ડાઉનલોડ કરી હતી.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) ફક્ત-1 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. 14 એપ્રિલ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા કઈ વેબિનાર સિરિઝ લોન્ચ કરવામાં આવી છે ?
(A) અતુલ્ય ભારત (B) દેખો અપના ભારત
(C) દેખો અપના દેશ (D) દેખો અપની વિરાસત **(C)**

5. ભારતમાં પર્યટન મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલ 'દેખો અપના દેશ' નામની વેબિનાર સિરિઝની પ્રથમ સિરિઝનું શીર્ષક શું હતું ?
(A) દિલ્હી–સંસ્કૃતિ કા સંગમ
(B) દિલ્હી કી સાંસ્કૃતિક વિરાસત
(C) સિટી ઓફ સિટીઝ–દિલ્હી કી સાંસ્કૃતિક વિરાસત
(D) સિટી ઓફ સિટીઝ – દિલ્હી પર્સનલ ડાયરી **(D)**

6. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'દેખો અપના દેશ' વેબિનાર સિરિઝ લોન્ચ કરવામાં આવી છે ?

(A) પર્યટન (B) માનવ સંસાધન વિકાસ

(C) આયુષ (D) વિજ્ઞાન અને ટેક્નોલોજી

**(A)**

7. COVID-19ના ટેસ્ટિંગ માટે પૂલ પરીક્ષણ શરૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) દિલ્હી (B) મહારાષ્ટ્ર (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર

**(C)**

## 16 APRIL, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ (World Voice Day)

### ➤ ગુજરાતના ભાવનગરની CSMCRIના વૈજ્ઞાનિકોએ વાયરસને નષ્ટ કરી શકે એવા અનોખા ફેસ માસ્ક વિકસાવ્યા

ગુજરાતના ભાવનગર ખાતે આવેલી Central Salt and Marine Chemicals Research Institute (CSMCRI)ના વૈજ્ઞાનિકોએ કોરોના સામેની લડતમાં ઉપયોગી થઈ શકે એવા અનોખા ફેસ માસ્ક વિકસાવ્યા છે.

CSMCRI

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### માસ્કની વિશેષતા

આ ફેસ માસ્કની મુખ્ય વિશેષતા એ છે કે આ માસ્કના સંપર્કમાં આવતા જ **વાયરસ નષ્ટ થઈ જાય છે.**

- આ માસ્કની બહારનું પડ **પોલીસલ્ફોન** નામના એક સંશોધિત મટિરિયલ્સમાંથી બનાવવામાં આવ્યું છે.
- આ મટિરિયલ **60 નેનોમીટર કે તેથી વધુ** વ્યાસ ધરાવતા કોઈપણ વાયરસને નષ્ટ કરી શકે છે.
- **કોરોના વાયરસ**નો વ્યાસ **80થી 120 નેનોમીટર** જેટલો હોય છે.
- આથી, આ મટિરિયલથી બનેલા માસ્ક **કોરોના વાયરસને પણ નષ્ટ કરી શકે છે.**

#### આ માસ્ક શા માટે ઉપયોગી છે ?

ભારતમાં સામાન્ય લોકો ઉપરાંત ખાસ કરીને કોરોના વાઈરસનો સામનો કરી રહેલા મેડિકલ કર્મીઓ, ડોકટરો અને તેમના સ્ટાફ માટે આ માસ્ક ખૂબ જ ઉપયોગી છે.

- આ માસ્ક **50 રૂપિયાથી પણ ઓછી** કિંમતમાં (25થી 45 રૂપિયામાં) તૈયાર થાય છે. આથી બીજા મોંઘા માસ્કની તુલનાએ તે ખૂબ જ સસ્તા છે.

- આ માસ્કની બહારની સપાટીના સંપર્કમાં આવતા જ રોગજન્ય વાયરસ, ફંગલ અને બેક્ટેરિયા નષ્ટ થઈ જાય છે. એથી આ રીતે તે <u>N-95 માસ્ક</u> કરતા પણ વધારે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**નોંધ :** (1) CSMCRIના વૈજ્ઞાનિકો દ્વારા માત્ર સાત દિવસમાં આ માસ્ક વિકસાવવામાં આવ્યા છે.

(2) આગામી થોડા દિવસોમાં આ માસ્કને કાયદેસરની મંજૂરી મળી શકે છે.

## ➤ 13મી IPL ટુર્નામેન્ટ 2020 અનિશ્ચિત કાળ માટે સ્થગિત




<u>IPL 2020</u> <u>અનિશ્ચિત કાળ</u> માટે સ્થગિત કરવાની <u>BCCI</u> દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

- ભારતમાં 29 માર્ચ 2020થી IPL ટુર્નામેન્ટનો પ્રારંભ થવાનો હતો.
- પરંતુ કોરોના મહામારીને કારણે આ ટુર્નામેન્ટ હવે અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવામાં આવી છે.
- વર્ષ <u>2020</u>માં યોજાનાર આ <u>13મી IPL ટુર્નામેન્ટ</u> હતી.

### IPL

<u>IPL</u>નું પૂરું નામ <u>Indian Premier Leage</u> છે.

- IPL એ <u>ભારત</u>ની <u>પ્રોફેશનલ ટી-20 ક્રિકેટ લીગ</u> છે.
- ભારતમાં <u>BCCI</u> દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતમાં IPLની સ્થાપનામાં <u>શ્રી લલિત મોદી</u>ની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- તેઓ <u>IPL</u>ના <u>પ્રથમ ચેરમેન અને પ્રથમ કમિશનર</u> હતા.
- ભારતમાં IPLની <u>પ્રથમ ટુર્નામેન્ટ</u> વર્ષ <u>2008</u>માં યોજાઈ હતી.
- વર્ષ <u>2008</u>થી સામાન્ય રીતે દર વર્ષે <u>એપ્રિલ-મે</u> દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ <u>2008</u>માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટ વિજેતા ટીમ <u>રાજસ્થાન રોયલ્સ</u> છે.
- આ અગાઉ વર્ષ <u>2019</u>માં યોજાયેલી <u>12મી</u> IPL ટુર્નામેન્ટ <u>મુંબઈ ઈન્ડિયન્સે</u> જીતી હતી.
- અત્યાર સુધી યોજાયેલી 12 ટુર્નામેન્ટમાંથી <u>સૌથી વધુ 4 વખત</u> <u>મુંબઈ ઈન્ડિયન્સ</u>ની ટીમે આ ટુર્નામેન્ટ જીતી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

**નોંધ :** (1) IPLનું સંચાલન BCCI દ્વારા કરવામાં આવે છે.

(2) વર્ષ 2018થી 2022 સુધી પાંચ વર્ષ માટે IPLના મીડિયા રાઈટ્સ સ્ટાર સ્પોર્ટ્સે ખરીદયા છે.

(3) જ્યારે વર્ષ 2016થી 2022 સુધી IPLના ટાઈટલની સ્પોન્સર કંપનીનું નામ VIVO છે. આથી, IPLને હાલ 'VIVO IPL' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## BCCI

BCCIનું પૂરું નામ Board of Control for Cricket in India છે.

- ભારતમાં રાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન BCCI દ્વારા કરવામાં આવે છે.
- તેની સ્થાપના 1928માં Tamil Nadu Societies Registration Act અંતર્ગત થઈ હતી.
- તેનું વડુંમથક મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલા વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમમાં આવેલું છે.

**નોંધ :** (1) BCCIના વર્તમાન (16 એપ્રિલ 2020ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી સૌરવ ગાંગુલી છે.

(2) અને તેના વર્તમાન સેક્રેટરી શ્રી અમિત શાહના પુત્ર શ્રી જય શાહ છે.

## ➤ ભારતમાં સૌપ્રથમ વખત N99 માસ્કનું કાપડ બનાવવામાં ગુજરાતનું ATIRA (અટીરા) સફળ

ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાત સરકારના સહયોગથી Ahmedabad Textile Industry's Research Association (ATIRA)ને N99 માસ્ક બનાવવામાં સફળતા મળી છે.

- આ માસ્કથી કોરોના સામેની લડતમાં મદદ થશે.
- કેમ કે હાલ વપરાતા N95 માસ્કની ફિલ્ટરેશન કેપિસિટી (ગાળણ ક્ષમતા) 95% હોય છે.
- 0.3 માઈક્રોનથી મોટા તમામ કણોને (પાર્ટિક્યુલેટ મેટરને) N95 માસ્ક 95%ની ક્ષમતા સાથે ફિલ્ટર કરી શકે છે.
- જ્યારે N99 માસ્કની ફિલ્ટરેશન કેપિસિટી (ગાળણ ક્ષમતા) લગભગ 100% (99.99%) જેટલી હોય છે.
- Novel Coronavirusની સાઈઝ લગભગ 5 માઈક્રોન જેટલી હોય છે. જ્યારે N99 માસ્ક 0.2 માઈક્રોનથી મોટા કણોને ફિલ્ટર કરી શકે છે.
- N99 માસ્ક ભારતમાં ઉપલબ્ધ વિવિધ માસ્કનો સર્વોચ્ચ પ્રકાર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ATIRA દ્વારા N99 માસ્કનું ઉત્પાદન

ભારતમાં હાલ **અટિરા** દ્વારા **DRDO**ના સહયોગથી **WHO**ના માપદંડ મુજબના **N99 માસ્કનું** ઉત્પાદન થઈ રહ્યું છે.

- **અટીરા** ભારતની **એકમાત્ર સંસ્થા** છે જ્યાં **N99 માસ્કનું ફિલ્ટર મટિરિયલ** તૈયાર કરવામાં આવે છે.
- અટીરા દ્વારા 3.85 લાખ N99 માસ્ક બને તેટલું કાપડ DRDOને આપવામાં આવ્યું છે.
- **N99** માસ્કમાં **5 સ્તર** આવે છે જેમાં **3 સામાન્ય સ્તર**ની વચ્ચે **2 ફિલ્ટર લેયર** હોય છે.
- આ ફિલ્ટર લેયર **કોટેડ ફાઈબર**ના ઉપયોગથી બનાવવામાં આવે છે.

**નોંધ :** (1) **ATIRAનું પૂરું નામ Ahmedabad Textile Industry's Research Association** છે.

(2) **શ્રી વિક્રમ સારાભાઈ** અને **શ્રી કસ્તુર લાલભાઈ**ના પ્રયાસોથી **અટીરા**ની સ્થાપના કરવામાં આવી હતી.

(3) અટીરાની વર્તમાન ઈમારતનો પાયો **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે** નાખ્યો હતો. અને તેનું લોકાર્પણ **શ્રી જવાહરલાલ નહેરુ**એ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. 'વિશ્વ અવાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ — **(C)**

2. ભારતના કયા શહેરમાં આવેલી Central Salt and Marine Chemical Research Institute (CSMCRI)ના વૈજ્ઞાનિકોને વાયરસને નષ્ટ કરી શકે એવા ફેસ માસ્ક વિકસાવવામાં સફળતા મળી છે ?
(A) મુંબઈ (B) બેંગાલુરુ (C) ભાવનગર (D) અમદાવાદ — **(C)**

3. ગુજરાતના ભાવનગર ખાતે આવેલી કઈ સંસ્થાના વૈજ્ઞાનિકોને વાયરસને નષ્ટ કરી શકે એવા ફેસ માસ્ક વિકસાવવામાં સફળતા મળી છે ?
(A) ATIRA (B) CMSRI (C) CSMCRI (D) ARICTE — **(C)**

4. BCCI દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2020માં યોજાનાર IPL ટુર્નામેન્ટ કેટલા સમય માટે સ્થગિત કરવામાં આવી છે ?
(A) 3 મહિના (B) 6 મહિના
(C) 1 વર્ષ (D) અનિશ્ચિત સમય સુધી — **(D)**

5. BCCI દ્વારા વર્ષ 2020માં યોજાનાર કેટલામી IPL અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરવામાં આવી છે ?
(A) 11મી (B) 12મી (C) 13મી (D) 15મી **(C)**

6. IPLના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. IPLનું પૂરું નામ VIVO IPL છે.
2. IPL ભારતની પ્રોફેશનલ વન ડે ક્રિકેટ લીગ છે.
3. ભારતમાં વર્ષ 2008માં IPLનો પ્રારંભ થયો હતો.
4. સૌથી વધુ વખત મુંબઈ ઈન્ડિયન્સે આ ટુર્નામેન્ટ જીતી છે.
5. ICC દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 2, 3, 4, 5 (C) 2, 3, 4 (D) 3, 4 **(D)**

7. ભારતમાં સૌપ્રથમ વખત કઈ સંસ્થાને N99 માસ્કનું કાપડ બનાવવામાં સફળતા મળી છે ?
(A) ISRO (B) IIT બોમ્બે
(C) CSMCRI (D) ATIRA **(D)**

8. ATIRAનું પૂરું નામ શું છે ?
(A) Ahmedabad Textile Industry's Research Association
(B) Ahmedabad Texture Industry's Research Association
(C) Ahmedabad Textiledesign Industry's Research Association
(D) Ahmedabad Textileexport Industry's Research Association **(A)**

9. અટીરા દ્વારા કઈ સંસ્થાના સહયોગથી WHOના માપદંડ મુજબના N99 માસ્કનું ઉત્પાદન કરવામાં આવે છે ?
(A) ICMR (B) DRDO (C) ISRO (D) CEPT **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17 APRIL, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ (હિમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવંશિક બિમારી છે.)

### ➤ ગુજરાતના GBRCની વિશિષ્ટ સિદ્ધિ : ભારતમાં સૌપ્રથમ વખત કોરોનાનું વંશસૂત્ર શોધવામાં GBRCને મળી સફળતા

ગુજરાત સરકારની બાયોટેક્નોલોજી રિસર્ચ સંસ્થા Gujarat Biotechnology Research Centre (GBRC)ને કોરોનાનું વંશસૂત્ર શોધવામાં સફળતા મળી છે.

- આ સાથે જ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) કોરોનાનું વંશસૂત્ર શોધવામાં સફળતા મેળવનાર ભારતની પ્રથમ સંસ્થા બની ગઈ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કોરોનાના ત્રણ નવા મ્યૂટેશનની શોધ

**કોરોના વંશસૂત્ર**ની શોધ ઉપરાંત **GBRC**ને **કોરોનાના ત્રણ નવા મ્યૂટેશન**ની શોધ કરવામાં પણ સફળતા મળી છે.

- કોઈપણ વાઈરસ ફેલાવવાની શરૂઆત કર્યા પછી તે પોતાના રક્ષણ માટે, તેને આસાનીથી મારી ન શકાય તે માટે; તે સતત પોતાના સ્વરૂપમાં પરિવર્તન કરતો રહે છે.
- વાઈરસ દ્વારા કરવામાં આવતું તેના સ્વરૂપનું પરિવર્તન **'મ્યૂટેશન'** તરીકે ઓળખાય છે.
- કોરોના વાઈરસની સંરચનામાં આવા **6 બદલાવ**ની વિશ્વના વૈજ્ઞાનિકોએ અત્યાર સુધી શોધ કરી હતી.
- હવે **GBRC** દ્વારા આવા બીજા **3 બદલાવ**ની શોધ કરવામાં આવી છે.
- આથી, હવે કોરોના વાઈરસની સંરચનામાં કુલ મળીને **9 બદલાવ** થયા હોવાનું સાબિત થયું છે. તેમાં ગુજરાતના વૈજ્ઞાનિકોએ **નવા 3 બદલાવ** શોધ્યા છે.
- આમ, ગુજરાતના સંશોધકોને કોરોનાની આખે આખી (હોલ) સિક્વન્સ ઓળખવામાં સફળતા મળી છે.

## આ બંને શોધનું મહત્ત્વ

GBRC દ્વારા કરવામાં આવેલી આ શોધની મદદથી **કોરોનાની દવા અને રસી તૈયાર કરવામાં સરળતા થશે**.

- આ સંશોધનને આધારે કોરોનાને કેવી રીતે કાબૂમાં કરવો, તેની તીવ્રતામાં કેવી રીતે કેટલો ઘટાડો કરવો અને તેને કેવી રીતે નાબૂદ કરવો તે નક્કી કરી શકાશે.
- તેના પર કઈ દવા અને કઈ રસી કેટલી અસરકારક સાબિત થશે તે પણ જાણી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોરોનાનું વંશસૂત્ર એટલે શું ?

વંશસૂત્રને અંગ્રેજીમાં **'જીનોમ સિક્વન્સ'** તરીકે ઓળખવામાં આવે છે.

- દરેક સજીવના શરીરમાં અગત્યના **બે** તત્ત્વો હોય છે : **(1) DNA અને (2) RNA**.
- **DNA અને RNA** એ બંને **Nucleic Acid** છે.
- કોઈપણ સજીવની **આનુવંશિક (જીનેટિક)** માહિતી આ બન્ને એસિડમાં રહેલી હોય છે.
- આ DNA અને RNAમાં જે તત્ત્વો ગોઠવાયેલા હોય છે તે **વંશસૂત્ર** અથવા તો **જીનોમ સિક્વન્સ** તરીકે ઓળખાય છે.
- આ **વંશસૂત્ર** અથવા તો **જીનોમ સિક્વન્સ**ની મદદથી જ જે તે સજીવની પ્રકૃતિ, તેનું સ્વરૂપ, તેમાં આવેલા બદલાવ અને હવે પછી આવનારા બદલાવને જાણી શકાય છે.

**નોંધ :** (1) **DNA**નું પૂરું નામ **Deoxyribonucleic Acid** છે.

(2) **RNA**નું પૂરું નામ **Ribonucleic Acid** છે.

## GBRC

**GBRCનું પૂરું નામ Gujarat Biotechnology Research Centre છે.**

- ગુજરાતમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રે સંશોધન માટે ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગત આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- આ સંસ્થા ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલી છે.

**નોંધ :** ગુજરાતમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત સરકારે વર્ષ 2004માં 'ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશન'ની રાજ્ય નોડલ એજન્સી તરીકે સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ કોરોના મહામારી દરમિયાન ભારતમાં 'સ્વયં પ્રભા ટીવી ચેનલ'ના માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે

ભારતમાં કેન્દ્ર સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય** દ્વારા ભારતમાં **'સ્વયં પ્રભા ટીવી ચેનલ'**ના માધ્યમથી શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારતમાં **કોરોના મહામારી** દરમિયાન જેમની પાસે ઈન્ટરનેટની સુવિધા ન હોય તેવા વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત **ધોરણ 9 થી 12 તથા ઉચ્ચ શિક્ષણ** મેળવતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવા વિવિધ લેક્ચરોનું સ્વયં પ્રભા પર પ્રસારણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Swayam Prabha TV Channel

**Swayam Prabha** એ ભારતમાં **શિક્ષણ** માટેની **Free DTH Channel** છે.

- તેમાં કુલ **32 ચેનલો** આવેલી છે.
- આ ચેનલોમાં **GSAT-15** ઉપગ્રહની મદદથી **24x7** ઉચ્ચ ગુણવત્તાવાળા શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે.
- આ ચેનલોને **BISAG, ગાંધીનગર** સાથે જોડવામાં આવી છે.

**નોંધ :** (1) ગુજરાતના **ગાંધીનગર** ખાતે આવેલ **BISAG**નું પૂરું નામ **Bhaskarachary Institute for Space Applications and Geo-Informatics** છે.

(2) ભારતમાં ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય** દ્વારા **સ્વયં (SWAYAM) પોર્ટલ** લોન્ચ કરવામાં આવ્યું હતું.

(3) **SWAYAM** પોર્ટલનું પૂરું નામ **'Study Webs of Active - Learning for Young Aspiring Minds'** છે.

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ હિમોફિલિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ | (C) |
| 2. | ભારતમાં સૌપ્રથમ વખત કઈ સંસ્થાને કોરોનાનું વંશસૂત્ર અથવા તો જીનોમ સિક્વન્સ શોધવામાં સફળતા મળી છે ?<br>(A) CSMCRI (B) ATIRA (C) GBRC (D) BISAG | (C) |
| 3. | GBRCનું પૂરું નામ શું છે ?<br>(A) Gujarat Biotechnology Research Centre<br>(B) Gujarat Bio Research Centre<br>(C) Gujarat Biotech Research Centre<br>(D) Gujarat Biology Research Centre | (A) |
| 4. | ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા કોરોનાના કેટલા નવા મ્યૂટેશનની શોધ કરવામાં આવી છે ?<br>(A) 9 (B) 6 (C) 4 (D) 3 | (D) |
| 5. | RNAનું પૂરું નામ શું છે ?<br>(A) Rimonucleic Acid (B) Rivonucleic Acid<br>(C) Ribonucleic Acid (D) Rinonucleic Acid | (C) |
| 6. | તાજેતરમાં ચર્ચામાં રહેલ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર ગુજરાતના કયા શહેરમાં આવેલું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) જામનગર | (B) |
| 7. | કોરોના મહામારી દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કઈ ચેનલના માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે ?<br>(A) ડીડી ભારતી (B) સુદર્શન (C) દૂરદર્શન (D) સ્વયં પ્રભા | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**18 APRIL, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે **18 એપ્રિલ**ના રોજ **'વર્લ્ડ હેરિટેજ ડે'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે.
- ઈ.સ. **1982**માં **International Council on Monuments and Sites (ICOMOS)** નામની સંસ્થા દ્વારા **18 એપ્રિલ**ના રોજ આ દિવસ ઉજવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત **1983**માં મળેલી **UNESCO**ની **22મી સામાન્ય સભા**માં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ **2020**ની 'World Heritage Day'ની થીમ **'Shared Cultures, Shared Heritage, Shared Responsibility'** છે.

**નોંધ :** (1) World Heritage Dayને **'International Day For Monuments and Sites'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) **UNESCO**નું પૂરું નામ **United Nations Educational, Scientific and Cultural Organization** છે.

(3) **UNESCO**નું વડું મથક **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

## ➤ લોકડાઉન દરમિયાન ખેત પેદાશોના સરળ પરિવહન માટે ભારતમાં 'કિસાન રથ' મોબાઈલ એપ લોન્ચ




17 એપ્રિલ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ તથા પંચાયતી રાજ મંત્રી <u>શ્રી નરેન્દ્ર સિંહ તોમરે</u> <u>'કિસાન રથ'</u> નામની એક <u>મોબાઈલ એપ્લિકેશન</u> લોન્ચ કરી છે.

INSTITUTE FOR COM

- કોરોના મહામારીને કારણે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં ભારતમાં <u>ખેત પેદાશોના પરિવહનમાં સરળતા રહે તે માટે</u> આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- આ એપની મદદથી ખેડૂતોને પોતાની ઉપજના પરિવહન માટે વાહન ઉપલબ્ધ થઈ શકશે.
- આથી, તેમને પોતાની ખેત પેદાશોને કૃષિ માર્કેટ સુધી પહોંચાડવામાં મદદ થશે.

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ➤ ગુજરાતમાં ગંગા સ્વરૂપા માતા બહેનોને એપ્રિલ અને મે એમ બે મહિના માટે પ્રતિમાસ વધારાની રૂ. 500 સહાય મળશે

**ગુજરાત સરકાર** દ્વારા **ગુજરાતની તમામ ગંગા સ્વરૂપા માતા બહેનોને એપ્રિલ અને મે 2020** એમ **બે મહિના** દરમિયાન **પ્રતિમાસ રૂ. 500** વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત તેમને **એપ્રિલ અને મે 2020** દરમિયાન **કુલ રૂ. 1000** વધારાની સહાય મળશે.
- કોરોના મહામારીને કારણે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં આવી બહેનોને મદદ મળી રહે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

### આ સહાયમાં કેન્દ્ર-રાજ્યનો હિસ્સો

ભારતમાં **કેન્દ્ર સરકાર** દ્વારા **BPL પરિવારની ગંગા સ્વરૂપા બહેનો** માટે એપ્રિલ–મે 2020 એમ બે મહિના માટે પ્રતિમાસ રૂ. 500 પ્રમાણે કુલ રૂ. 1000ની વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આથી, ગુજરાતની BPL પરિવારની ગંગા સ્વરૂપા બહેનોને આ સહાય કેન્દ્ર સરકાર તરફથી મળશે.
- જ્યારે, કેન્દ્ર સરકારના ઉપરોક્ત નિર્ણય બાદ **ગુજરાત સરકારે** પણ ગુજરાતની **BPL પરિવાર સિવાયની તમામ ગંગા સ્વરૂપા બહેનો**ને પણ આવી સહાય આપવાનો નિર્ણય કર્યો હતો.
- આથી, ગુજરાતમાં **BPL પરિવાર સિવાયની ગંગા સ્વરૂપા બહેનો**ને આ સહાય **ગુજરાત સરકાર** તરફથી આપવામાં આવશે.

**નોંધ :** (1) સરકારના આ નિર્ણયથી ગુજરાતની BPL પરિવારની 97,474 અને BPL પરિવાર સિવાયની 3.46 લાખ ગંગા સ્વરૂપા બહેનોને કુલ **રૂ. 44.39 કરોડ**ની સહાય મળશે.

(2) ભારતમાં વિધવા બહેનો માટે આદરસૂચક **'ગંગા સ્વરૂપ'** શબ્દ પ્રયોજાય છે.

## ➤ ભારતમાં RBI દ્વારા રિવર્સ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો : રિવર્સ રેપો રેટ 4.0 ટકાથી ઘટીને 3.75 ટકા થયો

17 એપ્રિલ 2020ના રોજ ભારતમાં **RBI** દ્વારા **રિવર્સ રેપો રેટ**ના દરમાં **0.25 ટકા**નો ઘટાડો કરવામાં આવ્યો છે.

- આ સાથે જ **રિવર્સ રેપો રેટ 4.0 ટકા**થી ઘટીને **3.75 ટકા** થઈ ગયો છે.
- જોકે, ભારતમાં **રેપો રેટ**નો દર **4.40 ટકા** યથાવત્ રાખવામાં આવ્યો છે.

## રિવર્સ રેપો રેટ એટલે શું ?

ભારતમાં RBI અન્ય બેન્કો પાસેથી જે દરે નાણાં લે છે તે દરને **Reverse Repo Rate** તરીકે ઓળખવામાં આવે છે.

- જ્યારે RBI અન્ય બેન્કોને જે દરે લોન આપે છે તે દરને **Rapo Rate** કહે છે.

## રિવર્સ રેપો રેટના દરમાં ઘટાડાનું કારણ

ભારતમાં રિવર્સ રેપો રેટના દરમાં 1 મહિનામાં બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે.

- આ અગાઉ RBI એ 27 માર્ચ, 2020ના રોજ રિવર્સ રેપો રેટના દરમાં **0.90 ટકા**નો ઘટાડો કરીને **4.90 ટકા**થી ઘટાડીને **4.0 ટકા** કર્યો હતો.
- કોરોના મહામારીને કારણે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં ભારતીય અર્થતંત્રમાં રોકડ નાણાંનો પ્રવાહ વધારવા માટે RBI દ્વારા રિવર્સ રેપો રેટના દરમાં એક મહિનામાં બે વખત ઘટાડો કરવામાં આવ્યો છે.

## રિવર્સ રેપો રેટમાં ઘટાડાથી શું લાભ થશે ?

રિવર્સ રેપો રેટમાં ઘટાડાથી બેન્કો RBIમાં નાણાં જમા કરાવવાને બદલે લોકોને વધુ લોન આપશે.

- કેમ કે જો બેન્કો RBIમાં નાણાં જમા કરાવશે તો તેમને ફક્ત **3.75 ટકા** જ વ્યાજ મળશે.
- જ્યારે એ જ રૂપિયાનું ધિરાણ જો બેન્કો અન્ય લોકો કે ઉદ્યોગોને કરે તો બેન્કોને સામાન્ય રીતે **7.5 ટકા**થી **14 ટકા** જેટલું વ્યાજ મળશે.
- આથી, બેન્કો લોકોને વધુ લોન આપશે.
- પરિણામે, લોકડાઉનની સ્થિતિમાં લોકો તથા ઉદ્યોગોની નાણાંભીડની સમસ્યા ઓછી થશે.

## RBIની અન્ય મહત્ત્વની જાહેરાતો

ભારતીય અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ વધારવા માટે RBI દ્વારા 27 માર્ચ 2020ના રોજ કેટલીક અગત્યની જાહેરાતો કરવામાં આવી હતી.

- ત્યારબાદ લોકડાઉનની સ્થિતિમાં ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટે RBI એ 17 એપ્રિલ 2020ના રોજ બીજી વખત કેટલીક અગત્યની જાહેરાતો કરી છે. જે આ પ્રમાણે છે :

## નાણાકીય સંસ્થાઓને પેકેજ

RBI દ્વારા નાબાર્ડ (NABARD), સિડબી (SIDBI) અને NHB માટે **રૂ. 50,000 કરોડ**ના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત – **NABARDને રૂ. 25,000 કરોડ**
  **SIDBIને રૂ. 15,000 કરોડ** અને
  **NHBને રૂ. 10,000 કરોડ** મળશે.
- RBIના આ નિર્ણયથી કૃષિ, ગ્રામીણ વિકાસ, નાના ઉદ્યોગો તથા હાઉસિંગ સેક્ટરને લાભ થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) NABARDનું પૂરું નામ National Bank for Agriculture & Rural Development છે.

(2) SIDBIનું પૂરું નામ Small Industries Development Bank of India છે.

(3) NHBનું પૂરું નામ National Housing Bank છે.

## TLTRO 2.0 હેઠળ રૂ. 50,000 કરોડની જાહેરાત

RBI દ્વારા **Targeted long-term Repo Operation (TLTRO) 2.0**ના બીજા સેટ હેઠળ લિક્વિડિટી મેનેજમેન્ટ માટે **રૂ. 50,000 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

- આ રકમમાંથી **NBFC** અને **MFI**ને ફંડ મળશે.
- તેથી તેમના ધિરાણમાં વૃદ્ધિ થશે.

**નોંધ :** (1) NBFCનું પૂરું નામ Non Banking Financial Company છે.

(2) MFIનું પૂરું નામ Micro Finance Institutions છે.

## રાજ્યો માટે WMAની મર્યાદામાં વધારો

RBI દ્વારા **રાજ્યો** માટે **Ways and Means Advances (WMA)**ની મર્યાદા વધારીને **60 ટકા** કરવામાં આવી છે.

- જેથી રાજ્યોની ઓવરડ્રાફ્ટની સુવિધા બમણી થશે. એટલે કે તેમને એડવાન્સ સુવિધાના માધ્યમથી 60 ટકા વધુ ઉધાર લેવાની છૂટ મળશે.
- આથી, રાજ્યો વિકાસના કામો કરી શકશે.

**નોંધ :** WMAની મર્યાદામાં 60 ટકાનો આ વધારો 30 સપ્ટેમ્બર 2020 સુધી અમલમાં રહેશે.

## બેન્કોએ ડિવિડન્ડ ચૂકવવું નહિ પડે

31 માર્ચ 2020ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ **2019-20** માટે **બેન્કોએ ડિવિડન્ડ ચૂકવવું પડશે નહિ**.


- તેનાથી બેન્કો પાસે મૂડીની બચત થશે અને તેઓ વધારે ધિરાણ આપી શકશે.
- જોકે, આ નિર્ણયની **30 સપ્ટેમ્બર, 2020**ના રોજ ફરીથી સમીક્ષા કરવામાં આવશે.

## રિયલ એસ્ટેટમાં 1 વર્ષ સુધી લોન રિસ્ટ્રક્ચરિંગ નહિ

અટકી પડેલા કોમર્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટની લોન રિસ્ટ્રક્ચર કર્યા વિના **1 વર્ષ** માટે લંબાવી શકાશે.

- આથી, ડેવલપર્સને રોકડનો પ્રવાહ જાળવી રાખવામાં સરળતા રહેશે.
- અધૂરા પ્રોજેક્ટ પૂરા થવાથી સ્થાનિક સ્તરે અર્થતંત્રની ચેન શરૂ થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**નોંધ :** (1) ઉપરોક્ત જાહેરાત કરતી વખતે RBI ગવર્નર <u>શ્રી શક્તિકાંત દાસે</u> પોતાના વક્તવ્યની શરૂઆત નીચેના વાક્યોથી કરી હતી :

**“मृत्यु के मध्य, जीवन कायम रहता है,**
**असत्य के बीच, सत्य का अस्तित्व बना रहता है,**
**अंधेरे के बीच, प्रकाश बना रहता है.”**

(2) ઉપરોક્ત શબ્દો <u>મહાત્મા ગાંધીજી</u>ના છે. ઓક્ટોબર 1931માં ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલા પ્રસિદ્ધ કિંગ્સલે હોલમાં તેમણે આ શબ્દો કહ્યા હતા.

## ICE Questions®

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ વિરાસત દિવસ’ અથવા તો 'International Day for Monuments and Sites' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ **(C)**

2. વર્ષ 2020ના ‘વર્લ્ડ હેરિટેજ ડે’ની થીમ શું છે ?
   (A) Shared Dreem, Shared Heritage, Shared Responsibility
   (B) Shared Knowledge, Shared Heritage, Shared Responsibility
   (C) Shared Cultures, Shared Heritage, Shared Responsibility
   (D) Shared Future, Shared Heritage, Shared Responsibility **(C)**

3. લોકડાઉન દરમિયાન ખેત પેદાશોના સરળ પરિવહન માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
   (A) કૃષિ રથ (B) કિસાન રથ (C) ભૂમિ રથ (D) ફાર્મ રથ **(B)**

4. ગુજરાતમાં ગંગા સ્વરૂપા માતા બહેનોને બે મહિના માટે પ્રતિમાસ વધારાની કેટલા રૂપિયાની સહાય આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ?
   (A) 500 (B) 750 (C) 1000 (D) 1200 **(A)**

5. ગુજરાતમાં ગંગા સ્વરૂપા માતા બહેનોને કયા બે માસ માટે વધારાની કુલ રૂ. 1000ની સહાય આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ?
   (A) માર્ચ અને એપ્રિલ-2020 (B) એપ્રિલ અને મે-2020
   (C) મે અને જૂન-2020 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. ભારતમાં RBI દ્વારા 17 એપ્રિલ 2020ના રોજ રિવર્સ રેપો રેટમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
(A) 0.25 (B) 0.35 (C) 0.50 (D) 0.75 **(A)**

7. વર્તમાન સમયે (18 એપ્રિલ 2020ની સ્થિતિએ) ભારતમાં રિવર્સ રેપો રેટનો દર કેટલા ટકા છે ?
(A) 3.50 (B) 3.75 (C) 4.0 (D) 4.40 **(B)**

8. 17 એપ્રિલ 2020ના રોજ RBI દ્વારા NABARD, SIDBI અને NHB માટે કેટલા રૂપિયાના પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 25,000 કરોડ (B) 40,000 કરોડ
(C) 50,000 કરોડ (D) 60,000 કરોડ **(C)**

9. 17 એપ્રિલ 2020ના રોજ RBI દ્વારા NABARD માટે કેટલા રૂપિયાના પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 10,000 કરોડ (B) 15,000 કરોડ
(C) 20,000 કરોડ (D) 25,000 કરોડ **(D)**

10. 17 એપ્રિલ 2020ના રોજ RBI દ્વારા Target Long-term Repo Operation 2.0 અથવા તો TLTRO 2.0 હેઠળ લિક્વિડિટી મેનેજમેન્ટ માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) 25,000 કરોડ (B) 40,000 કરોડ
(C) 50,000 કરોડ (D) 70,000 કરોડ **(C)**

11. 17 એપ્રિલ 2020ના રોજ RBI દ્વારા રાજ્યો માટે WMA અથવા તો Ways and Means Advances ની મર્યાદા વધારીને કેટલા ટકા કરવામાં આવી છે ?
(A) 30 ટકા (B) 40 ટકા (C) 50 ટકા (D) 60 ટકા **(D)**

12. RBI દ્વારા 17 એપ્રિલ, 2020ના રોજ કરવામાં આવેલી જાહેરાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. નાણાકીય વર્ષ 2019-20 માટે ડિવિડન્ડ ચૂકવવામાંથી બેન્કોને હાલ પુરતી મુક્તિ આપવામાં આવી છે.
2. અટકી પડેલા કોમર્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટની લોન રિસ્ટ્રક્ચર કર્યા વિના 1 વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપવામાં આવી છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના સુખી સંપન્ન લોકો એપ્રિલ માસનું રાશન જતું કરે તે માટે LET'S GIVE UP ચેલેન્જ લોન્ચ

તાજેતરમાં એપ્રિલ 2020 દરમિયાન **ગુજરાત સરકારે** ગુજરાતના **APL 1 રેશનકાર્ડ** ધરાવતા લોકોને **એપ્રિલ માસનું** રાશન **ફ્રી** આપવાનો નિર્ણય કર્યો હતો. લોકડાઉન દરમિયાન ગુજરાતમાં જરૂરતમંદ લોકોને તકલીફ ન પડે તે માટે ગુજરાત સરકારે APL 1 રેશનકાર્ડ ધારકોને એપ્રિલ માસનું અનાજ ફ્રી આપવાનો નિર્ણય કર્યો હતો. આ અંતર્ગત ગુજરાતના **સુખી સંપન્ન APL 1 કાર્ડ ધારકો** સ્વેચ્છાએ **એપ્રિલ માસનું રાશન જતું કરે તે માટે** ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં **'LET'S GIVE UP ચેલેન્જ'** લોન્ચ કરવામાં આવી હતી.

### ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્લાઝમા થેરાપી' શું છે ?

**અમેરિકા** સહિત વિશ્વના અનેક દેશોમાં **કોરોના વાઈરસ**થી સંક્રમિત **ગંભીર દર્દી**ને ઝડપથી સાજો કરવા માટે **'પ્લાઝમા થેરાપી'**નો ઉપયોગ થઈ રહ્યો છે. આથી, આ થેરાપી હાલ ચર્ચામાં છે. આ થેરાપીમાં **કોરોનાના ચેપથી સાજા થઈ ગયેલા દર્દીનું** બ્લડ લઈને તેના બ્લડમાં રહેલા **પ્લાઝમા**ને અલગ કરીને વેન્ટીલેટર પર રહેલા કોરોના સંક્રમિત ગંભીર દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે. તેથી તે ઝડપથી સાજા થઈ શકે છે. કેમકે કોરોનાના ચેપમાંથી સાજા થયેલા વ્યક્તિના શરીરમાં કોરોના સામે લડવાની ક્ષમતા ખૂબ જ વધારે હોય છે. આ થેરાપીમાં સાજા થયેલા દર્દીના લોહીના એન્ટીબોડીઝનો ઉપયોગ થાય છે. રિકવર થયેલા દર્દીનું એન્ટીબોડીઝવાળું પ્લાઝમા વાઈરસને કંટ્રોલ કરી દર્દીના શરીરમાં સોજો ચઢવાની પ્રક્રિયા ધીમી પાડી ઝડપથી રિકવરી લાવે છે. આજથી લગભગ 102 વર્ષ પૂર્વે **1918**માં **સ્પેનિશ ફ્લુ**ની સારવાર માટે **'પ્લાઝમા થેરાપી'**નો ઉપયોગ થયો હતો. તાજેતરમાં **ગુજરાત**માં આ થેરાપીનો ઉપયોગ કરવા માટે **ICMR (Indian Council of Medical Research)** દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં ટ્રાયલ દરમિયાન **કેરળ**માં સકારાત્મક પરિણામ આવતાં અન્ય રાજ્યોમાં પણ આ થેરાપીથી કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

## ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ બોહાગ બિહુ, રોંગાલી બિહુ અને હાટ બિહુ શું છે ?

બોહાગ બિહુ (Bohag Bihu) એ ભારતના આસામમાં ઉજવવામાં આવતો એક તહેવાર છે. આસામી નવા વર્ષના પ્રારંભ તરીકે આ તહેવાર ઉજવાય છે. આ દિવસથી આસામી નવા વર્ષનો પ્રારંભ થાય છે. સામાન્ય રીતે દર વર્ષે એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં ભારતમાં આસામ ઉપરાંત પૂર્વોત્તર રાજ્યોમાં આસામી નવા વર્ષના પ્રારંભ તરીકે આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. બોહાગ બિહુને રોંગાલી બિહુ (Rongali Bihu) તથા હાટ બિહુ (Xaat Bihu) તરીકે પણ ઓળખવામાં આવે છે. (નોંધ : બિહુ શબ્દનો પ્રયોગ 'બિહુ નૃત્ય' તથા 'બિહુ ગીત' માટે પણ કરવામાં આવે છે.)

## ➤ 13 એપ્રિલ 2020ના રોજ 36મા 'સિયાચિન દિવસ'ની ઉજવણી

વિશ્વના સૌથી ઊંચા અને સૌથી ઠંડા યુદ્ધક્ષેત્ર સિયાચિનના વીર શહીદોની યાદમાં ભારતીય સેના દ્વારા દર વર્ષે 13 એપ્રિલના રોજ 'સિયાચિન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. 13 એપ્રિલ, 1984ના રોજ ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન મેઘદૂત' અંતર્ગત ભારતીય સેનાએ સિયાચિન ગ્લેશિયર પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું હતું. આથી, આ ઓપરેશનમાં શહીદ થયેલા વીર જવાનો તથા તેની સુરક્ષા કરી રહેલા વીર જવાનોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. (નોંધ : 'ઓપરેશન મેઘદૂત'નું નેતૃત્વ લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણે કર્યું હતું.)

## ➤ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્ષ 2021ના વન ડે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય

વર્ષ 2021માં ન્યુઝીલેન્ડ ખાતે 12મા મહિલા વન ડે ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું છે. 6 ફેબ્રુઆરીથી 7 માર્ચ 2021 દરમિયાન ન્યુઝીલેન્ડમાં યોજાનાર આ વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ટીમે ક્વોલિફાઈ કરી લીધું છે. આ વર્લ્ડ કપ માટે પોઈન્ટને આધારે ચાર ટીમો ક્વોલિફાઈ થઈ ગઈ હોવાની ICC દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આ ચાર ટીમોમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકાનો સમાવેશ થાય છે. ICCનું પૂરું નામ International Cricket Council છે.

## ➤ 'ખટ્ટામીઠા', 'ખૂબસૂરત', 'કામસૂત્ર' જેવી ફિલ્મોમાં કામ કરનાર અભિનેતા શ્રી રણજીત ચૌધરીનું નિધન

ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી રણજીત ચૌધરીનું 15 એપ્રિલ, 2020ના રોજ 64 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 19 સપ્ટેમ્બર, 1955ના રોજ મુંબઈ ખાતે થયો હતો. તેમણે 'ખટ્ટામીઠા', 'ખૂબસૂરત', 'કામસૂત્ર', 'કાલિયા', 'બોલિવૂડ/હોલિવૂડ' વગેરે જેવી 40 જેટલી ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

# વિશ્વ

## ➤ 60 વર્ષમાં પ્રથમ વખત એશિયાનો આર્થિક વૃદ્ધિ દર 0% રહેવાનો IMFનો અંદાજ

કોરોના વાઈરસની મહામારીને કારણે ચાલુ વર્ષે (એટલે કે નાણાકીય વર્ષ 2020-21માં) એશિયાનો આર્થિક વિકાસ દર 0% રહેવાની IMF એ આશંકા વ્યક્ત કરી છે. જો આમ થશે તો તે છેલ્લા 60 વર્ષનું સૌથી ખરાબ પ્રદર્શન હશે. જોકે, આ સમય દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 1.9 ટકા અને ચીનનો આર્થિક વૃદ્ધિ 1.2 ટકા રહેવાનો International Monetary Fund (IMF)નો અંદાજ છે.

## ➤ અમેરિકા દ્વારા WHOનું 500 મિલિયન ડોલરનું ફંડ રોકવામાં આવ્યું

અમેરિકા દ્વારા World Health Organization (WHO)ને આપવામાં આવતું 500 મિલિયન ડોલરનું ફંડિંગ રોકી દેવામાં આવ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના મહામારી દરમિયાન ચીનની તરફદારી કરવાનો WHO પર આરોપ મૂકીને આ ભંડોળ અટકાવી દીધું છે. ચીનમાં ફેલાયેલા કોરોના વાઈરસની ગંભીરતા છૂપાવીને ચીને સમગ્ર વિશ્વને સંકટમાં મૂકી દીધું છે. આમ છતાં WHO દ્વારા ચીન ઉપર કોઈ જ પગલાં લેવામાં આવ્યા નથી. WHOને સૌથી વધુ ભંડોળ અમેરિકા દ્વારા આપવામાં આવે છે. અમેરિકા દર વર્ષે WHOને 400થી 500 મિલિયન ડોલરનું ભંડોળ આપે છે. તેની સામે ચીન માત્ર 40 મિલિયન ડોલરની રકમ આપે છે.

## ➤ ચીનના આર્થિક વિકાસ દરમાં 6.8 ટકાનો ઘટાડો

1 જાન્યુઆરીથી 31 માર્ચ 2020 સુધીના વર્ષ 2020ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ગયા વર્ષના આ જ સમયગાળાની તુલનાએ ચીનના આર્થિક વૃદ્ધિ દરમાં ઐતિહાસિક 6.8 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. 1979માં ચીને આર્થિક સુધારા લાગુ કર્યા ત્યારબાદનો આ સૌથી ઓછો આર્થિક વૃદ્ધિ દર છે. તાજેતરમાં સર્જાયેલી કોરોના મહામારીને કારણે ચીનના અર્થતંત્રને આ ફટકો પડયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

- ગુજરાતના સુખી સંપન્ન APL-1 કાર્ડ ધારકો એપ્રિલ માસનું ફ્રી રાશન જતું કરે તે માટે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કઈ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી હતી ? – LET'S GIVE UP ચેલેન્જ
- 'પ્લાઝમા થેરાપી'નો ગુજરાતમાં ઉપયોગ કરવા માટે કઈ સંસ્થા દ્વારા મંજૂરી આપવામાં આવી છે ? – ICMR
- 1918માં આવેલા કયા ફ્લુની સારવારમાં 'પ્લાઝમા થેરાપી'નો ઉપયોગ થયો હતો ? – સ્પેનિશ ફ્લુ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ બાહોગ બિહુ, રોંગાલી બિહુ અને હાટ બિહુ શું છે ? – આસામી નવા વર્ષના પ્રારંભ તરીકે ઉજવાતો એક તહેવાર
- ભારતના કયા રાજ્યમાં બોહાગ બિહુ, રોંગાલી બિહુ અને હાટ બિહુ નામનો તહેવાર ઉજવાય છે ? – આસામ (ઉપરાંત પૂર્વોત્તર ભારતના કેટલાક રાજ્યોમાં)
- ભારતીય સેના દ્વારા 'સિયાચિન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 13 એપ્રિલ
- 13 એપ્રિલ 1984ના રોજ હાથ ધરવામાં આવેલા કયા ઓપરેશન દ્વારા ભારતીય સેનાએ વિશ્વના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર સિયાચિન ગ્લેશિયર પર નિયંત્રણ મેળવી લીધું હતું ? – ઓપરેશન મેઘદૂત
- વર્ષ 2021માં કયા દેશમાં યોજાનાર વન ડે વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ક્વોલિફાય કરી લીધું છે ? – ન્યુઝીલેન્ડ
- ફેબ્રુઆરી–માર્ચ 2021 દરમિયાન ન્યુઝીલેન્ડમાં યોજાનાર કેટલામા મહિલા વન ડે વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ટીમે ક્વોલિફાય કરી લીધું છે ? – 12મા
- 15 એપ્રિલ, 2020ના રોજ શ્રી રણજીત ચૌધરીનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ–અભિનય
- તાજેતરમાં કઈ સંસ્થાએ 60 વર્ષમાં પ્રથમ વખત ચાલુ વર્ષે એશિયાનો આર્થિક વૃદ્ધિ દર 0% રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે ? – IMF
- અમેરિકા દ્વારા WHOનું કેટલા ડોલરનું ભંડોળ રોકવામાં આવ્યું છે ? – 500 મિલિયન ડોલર
- WHOને સૌથી વધુ ભંડોળ કયા દેશ દ્વારા આપવામાં આવે છે ? – અમેરિકા
- ગત વર્ષના સમાન સમયગાળાની તુલનાએ વર્ષ 2020ના પ્રથમ ત્રણ મહિનામાં ચીનના આર્થિક વૃદ્ધિ દરમાં કેટલા ટકાનો ઐતિહાસિક ઘટાડો થયો છે ? – 6.8 ટકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ચર્ચામાં રહેલા WHO અથવા તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વર્તમાન (12 એપ્રિલ 2020ની સ્થિતિએ) વડા શ્રી ટેડરોસ અધનમ કયા દેશના આરોગ્ય મંત્રી અને વિદેશ મંત્રી હતા ? – ઈથિયોપિયા
2. કોરોના લોકડાઉન દરમિયાન અમદાવાદ શહેરમાં માસ્ક વિના ફરનાર વ્યક્તિ માટે કયા દંડની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જાહેરાત કરી છે ? – રૂ. 5000 દંડ અથવા 3 વર્ષની જેલ
3. 12 એપ્રિલ, 2020ના રોજ પંજાબના કયા શહેરમાં નિહંગોએ પોલીસ પર નૃશંસ હુમલો કરીને ASIનું કાંડું કાપી નાખ્યું હતું ? – પટિયાલા
4. કોરોના મહામારીને કારણે કયા દેશની બિઝનેસ બેકથ્રૂ યુનિવર્સિટીમાં ડિગ્રી લેવા માટે વિદ્યાર્થીઓને બદલે ગ્રેજ્યુએશન સેરેમનીમાં રોબોટ પહોંચ્યા હતા ? – જાપાન
5. ભારતના કયા રાજ્યમાં 6થી 12મા ધોરણના વિદ્યાર્થીઓ માટે 'ઉન્નયન : મેરા મોબાઈલ મેરા વિદ્યાલય' નામની એક મોબાઈલ એપ શરૂ કરવામાં આવી છે ? – બિહાર
(લોકડાઉન દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે બેસીને અભ્યાસ કરી શકે તે માટે બિહારમાં આ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.)
6. તાજેતરમાં ચર્ચામાં રહેલો ઈટલીનો સૌથી વધુ કોરોના પ્રભાવિત વિસ્તાર કયો છે ? – લોમ્બાર્ડી
(ઈટલીના લોમ્બાર્ડી વિસ્તારને વિશ્વનો સૌથી કોરોના પ્રભાવિત વિસ્તાર પણ માનવામાં આવે છે. 15 એપ્રિલ 2020 સુધીમાં ઈટલીમાં કુલ 21,000 જેટલા લોકોનાં મોત થયા છે. તેમાંથી 11,000 માત્ર લોમ્બાર્ડીના છે. લોમ્બાર્ડીએ ઈટલીના 21 વહીવટી ક્ષેત્રોમાંનું એક છે. લોમ્બાર્ડીની રાજધાની મિલાન છે.)
7. કોરોના મહામારીને કારણે ચર્ચામાં રહેલ ઈટલીના વડાપ્રધાન કોણ છે ? – શ્રી ગ્યૂસેપ કોન્ટે (Giuseppe Conte)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. કોરોના મહામારીને કારણે ચર્ચામાં રહેલા ઈટલીના રાષ્ટ્રપતિ કોણ છે ?
– શ્રી સર્જિયો મેટારેલ્લા (Sergio Mattarella)
(ઈટલીની રાજધાની રોમ છે. અને તેનું ચલણ અથવા તો Currency યૂરો - Euro છે.)

9. તાજેતરમાં જ ભારતના એક પૂર્વ એટર્ની જનરલનું 77 વર્ષની વયે નિધન થયું છે... તેમનું નામ શું છે ? – શ્રી અશોક દેસાઈ

10. કોરોના મહામારીને કારણે થઈ રહેલા આર્થિક નુકસાનને કારણે 'લેહમન સંકટ' શબ્દ હાલ ચર્ચામાં છે... 'લેહમન સંકટ' એ એક પ્રકારનું આર્થિક સંકટ છે. કયા વર્ષમાં આવેલું આર્થિક સંકટ 'લેહમન સંકટ' તરીકે ઓળખાય છે ? – 2008

11. COVID-19ના પ્રસારને રોકવા માટે તાજેતરમાં કયા દેશની અધ્યક્ષતામાં ASEAN (આસિયાન) દેશોની વર્ચ્યુઅલ સમિટનું આયોજન થયું હતું ? – વિયેતનામ

12. ASEANનું પૂરું નામ શું છે ? – Association of Southeast Asian Nations

13. ભારતની કઈ કંપની ફેસબુક સાથે મળીને ચાઈનીઝ સુપર એપ વી–ચેટ જેવી મલ્ટિપર્પઝ એપ બનાવવાની તૈયારી કરી રહી છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

14. 'કોરોના' શબ્દ હાલ ચર્ચામાં છે... ભારતના કયા રાજ્યના કયા જિલ્લામાં 'કોરોના' નામનું એક ગામ પણ આવેલું છે ? – ઉત્તરપ્રદેશના સીતાપુર જિલ્લામાં

15. ભારતમાં કયા રાજ્યના સંશોધકોએ કોઈપણ વસ્તુને માત્ર 15 મિનિટમાં જ કિટાણુ મુક્ત કરી શકે તેવું ફ્રિઝ વિકસાવ્યું છે ? – કર્ણાટક

16. ગુજરાતના કોરોના પોઝિટિવ પ્રથમ ધારાસભ્ય કોણ છે ? – શ્રી ઈમરાન ખેડાવાલા

17. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી ઈમરાન ખેડાવાલા અમદાવાદ શહેરની કઈ વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે ? – જમાલપુર–ખાડિયા

18. એપ્રિલ 2020 દરમિયાન ભારતમાં લોકડાઉન હોવા છતાં ભારતના કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીના પુત્રના લગ્ન યોજાતા આ અંગે વિવાદ સર્જાયો હતો ? – કર્ણાટક
(એપ્રિલ 2020 દરમિયાન કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કુમાર સ્વામીના પુત્ર નિખિલના લગ્ન યોજાતા આ વિવાદ સર્જાયો હતો.)

19. કોરોના લોકડાઉન દરમિયાન ભારતના કયા શહેરમાં ફસાયેલા વિદ્યાર્થીઓને પોતાના રાજ્યમાં પરત લાવવા માટે ઉત્તરપ્રદેશ સરકારે એપ્રિલ 2020 દરમિયાન 300 બસો મોકલી હતી ? – કોટા, રાજસ્થાન

20. તાજેતરમાં કયા દેશના ક્રિકેટ બોર્ડે ભારતમાં સ્થગિત કરવામાં આવેલી IPL 2020 પોતાના દેશમાં રમાડવાની ઓફર કરી છે ? – શ્રીલંકા

21. કયા દેશના દિગ્ગજ ફૂટબોલ ખેલાડી શ્રી નોર્મન હંટરનું કોરોના સામેના સંઘર્ષ બાદ નિધન થયું છે ? – ઈંગ્લેન્ડ

22. તાજેતરમાં અમેરિકાની કઈ ટીવી ચેનલે એવો દાવો કર્યો છે કે, 'અમેરિકાના વૈજ્ઞાનિકો કરતા ચીનના વૈજ્ઞાનિકો ઘણા આગળ છે એવું દુનિયાને બતાવવા માટે ચીને જ વુહાનની લેબમાં કોરોના વાઈરસ પેદા કર્યો હતો' ? – ફોકસ ન્યૂઝ

23. ગુજરાતના 26 જિલ્લામાં કુલ કેટલી ખાનગી હોસ્પિટલને ગુજરાત સરકારે COVID-19 હોસ્પિટલ તરીકે કાર્યરત કરીને તેમાં વિનામૂલ્યે સારવાર આપવાની જાહેરાત કરી છે ?

– 31

(આવી હોસ્પિટલમાંથી સાજા થઈને ઘરે જનાર દર્દીને ઘરે ગયા પછી પણ 5 દિવસ સુધી તેમનો દવા, ચા–પાણી, જમવાનો ખર્ચ સરકાર આપશે એવી જાહેરાત કરવામાં આવી છે.)

24. કોરોના મહામારી દરમિયાન ભારતમાં પ્રથમ લોકડાઉન 21 દિવસનું હતું... તો બીજા લોકડાઉનનો સમય કેટલા દિવસ છે ? – 19 દિવસ

25. ભારતમાં 14 એપ્રિલ 2020ના રોજ પૂરું થતું 21 દિવસનું લોકડાઉન 15 એપ્રિલ 2020થી કયાં સુધી લંબાવવામાં આવ્યું છે ? – 3 મે 2020

(ભારતમાં પ્રથમ લોકડાઉનનો સમયગાળો 25 માર્ચથી 14 એપ્રિલ 2020 સુધીનો 21 દિવસનો હતો. જ્યારે લોકડાઉન 2.0નો સમય 15 એપ્રિલથી 3 મે 2020 સુધી 19 દિવસનો છે.)

26. લોકડાઉન દરમિયાન 20 એપ્રિલ 2020થી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઉદ્યોગ–ધંધા શરૂ કરવા માટે કોની અધ્યક્ષતામાં રચાયેલી 7 સભ્યોની સમિતિ પાસેથી મંજૂરી મેળવવી આવશ્યક છે ? – જિલ્લા કલેકટર

(આ માટે ગુજરાતના દરેક જિલ્લામાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં સાત સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે.)

27. ભારતીય હવામાન વિભાગે ભારતમાં આગામી ચોમાસું સામાન્ય રહેવાની આગાહી કરી છે. જેમાં આગામી ચોમાસા દરમિયાન ભારતમાં કેટલા ટકા વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે ?

– પ્લસ માઈનસ 5 ટકાની એરર સાથે 100 ટકા (એટલે કે 95 થી 105 ટકા)

28. એપ્રિલ 2020માં ભારતમાં લોકડાઉન દરમિયાન ભારતના કયા શહેરમાં લોકડાઉન હોવા છતાં એક આખલાની અંતિમયાત્રામાં હજારો લોકો ઉમટી પડયા હતા ?

– મદુરાઈ, તમિલનાડુ

(તમિલનાડુના મદુરાઈમાં જલ્લીકટ્ટુમાં વિજેતા આખલાનું મોત થતાં તેની અંતિમયાત્રાનું આયોજન થયું હતું. જેમાં હજારો લોકો જોડાયા હતા. જલ્લીકટ્ટુએ પોંગલના તહેવાર દરમિયાન તમિલનાડુમાં રમાતી એક પરંપરાગત રમત છે. જેમાં આખલા સાથે માણસની લડાઈ કરાવવામાં આવે છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

29. કોરોના મહામારીને કારણે સર્જાયેલી આર્થિક મંદીને કારણે અમેરિકાની મલ્ટિનેશનલ બેન્ક અને ફાયનાન્સિયલ સર્વિસિઝ કંપની ગોલ્ડમેન સાકસે ભારતના બજારોનું રેટિંગ 'ઓવરવેઈટ'થી ઘટાડીને શું કર્યું છે ? – માર્કેટવેઈટ
(ભારતીય કંપનીઓની આવકમાં ધરખમ ઘટાડો થવાની ધારણાને કારણે રેટિંગમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે.)

30. ગાર્ટનર 2019 ડિજિટલ વર્કપ્લેસ સર્વે અનુસાર ડિજિટલ રૂપથી વિશ્વનો સૌથી કુશળ દેશ કયો છે કે જયાં સૌથી મોટો અને કાર્યક્ષમ વર્કફોર્સ છે ? – ભારત

31. તાજેતરમાં ચર્ચામાં રહેલ શબ્દ 'Reverse Transcription Polymerase Chain Reaction' એક પ્રક્રિયા છે. તેનો ઉપયોગ શા માટે થાય છે ?
– COVID-19 પરીક્ષણ માટે
(Reverse Transcription Polymerase Chain Reaction એ RT-PCR ટેસ્ટનું પૂરું નામ છે. તેનો ઉપયોગ COVID-19 અથવા તો કોરોના વાયરસ કે, SARS-COV-2ના પરીક્ષણ માટે થાય છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. National Institute of Rural Development & Panchayati Raj (NIRDPR)એ ભારતમાં સમુદાયના નેતાઓને તાલીમ આપવા માટે કઈ વૈશ્વિક સંસ્થાના કયા પ્રાદેશિક કાર્યાલય સાથે સહયોગ કર્યો છે ? – યૂનિસેફના હૈદરાબાદ કાર્યાલય સાથે

33. ભારતમાં UPSC (Union Public Service Commission)ના અધ્યક્ષ તથા સભ્યોએ કોરોના મહામારી દરમિયાન સહયોગ આપવા માટે 1 એપ્રિલ 2020થી 1 વર્ષ માટે પોતાના બેઝિક પગારમાં કેટલા ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે ? – 30 ટકા

34. UPSCમાં એક અધ્યક્ષ ઉપરાંત અન્ય કેટલા સભ્યો હોય છે ? – 10

35. કોરોના મહામારી દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર જાહેર સ્થળો પર થૂંકવું એ કયા એક્ટ અંતર્ગત સજાને પાત્ર ગુનો છે ? – Disaster Management Act, 2005

36. પોતાના યાત્રીઓના કોરોના પરીક્ષણ માટે બ્લડ ટેસ્ટ શરૂ કરનાર વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ એરલાઈન કઈ છે ? – એમિરાત્સ (Emirates International Airline)
(એમિરાત્સ એરલાઈનની દુબઈથી ઉપડતી ફલાઈટમાં આ સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં ફક્ત 10 જ મિનિટમાં યાત્રીઓનો કોરોના ટેસ્ટ થઈ જાય છે.)

**37.** **'World Economic Outlook' એ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થતો મુખ્ય રિપોર્ટ છે, કે જેમાં તાજેતરમાં નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર 1.9 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે ?**

**– IMF (International Monetary Fund)**

**38.** **ભારતમાં કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલયે કયા પ્રાદેશિક સંગઠનના આરોગ્ય કર્મીઓ માટે COVID-19 વિશે એક તાલીમ કાર્યક્રમ યોજવાની જાહેરાત કરી છે ?** **– સાર્ક**

**(SAARCનું પૂરું નામ South Asian Association for Regional Cooperation છે.)**

**39.** **ભારતમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી 'દેખો અપના દેશ' વેબિનાર સિરિઝના પ્રથમ વેબિનારમાં કયા શહેર વિશે માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી ?** **– દિલ્હી**

**40.** **લોકડાઉન દરમિયાન લોકો પોતાના વિસ્તારમાં રહેલી વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ કરતી દુકાનો અથવા તો સ્ટોર ખુલ્લા છે કે બંધ એ વિશે માહિતી મેળવી શકે તે માટે કઈ એપ પર 'Nearby Spot' સુવિધા લોન્ચ કરવામાં આવી છે ?** **– Google Pay**

**(ભારતમાં સૌપ્રથમ બેંગાલુરુમાં આ સુવિધા લોન્ચ કરવામાં આવી છે. ત્યારબાદ હૈદરાબાદ, ચેન્નાઈ, મુંબઈ, પૂણે અને દિલ્હીમાં આ સુવિધા શરૂ થશે.)**

**41.** **NIC, નીતિ આયોગ અને અટલ ઈનોવેશન મિશન દ્વારા તાજેતરમાં સંયુક્ત રીતે કયું ડિઝાઈન સોફ્ટવેર લોન્ચ કરવામાં આવ્યું છે ?** **– CollabCAD**

**42.** **લોકડાઉન દરમિયાન ભારતમાં કૃષિ વસ્તુઓના મુક્ત પરિવહન માટે કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા એક રાષ્ટ્રવ્યાપી કોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે ?**

**– કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય**

**(કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલા આ કોલ સેન્ટરનું નામ 'All India Agri Transport Call Centre' છે. અને તેનો નંબર 1800 1804 200 તથા 14488 છે.)**

**43.** **તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ' નામના રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો GDP વૃદ્ધિ દર 1.5થી 2.8 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે ?** **– World Bank**

**44.** **તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત ભારતના કયા નેશનલ પાર્કમાં પ્રાણીઓ માટે ક્વોરન્ટાઈન ફેસિલિટી શરૂ કરવામાં આવી છે ?** **– જિમ કાર્બેટ નેશનલ પાર્ક, ઉત્તરાખંડ**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**45.** ભારત વિશ્વનો સૌથી મોટો હાઈડ્રોકસીક્લોરોક્વીન દવાનો ઉત્પાદક દેશ છે...આ દવાના કુલ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો કેટલા ટકા છે ? **– 70 ટકા**

**46.** લોકડાઉન દરમિયાન ભારતમાં કયા એક્ટ અંતર્ગત વિવિધ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે ?

**– Disaster Management Act, 2005**

**47.** અમેરિકા દ્વારા **WHO**નું **500** મિલિયન ડોલરનું ફંડ રોકવામાં આવ્યું છે. **WHO**ને સૌથી વધુ ફંડ અમેરિકા પાસેથી જ મળે છે...**WHO**ને મળતા કુલ ફંડમાં અમેરિકાનો હિસ્સો કેટલા ટકા છે ? **– 15 ટકા**

**48.** **WHO**ના સભ્ય દેશો દ્વારા **WHO**ને મળતા ફંડમાં ભારતનો હિસ્સો આશરે કેટલા ટકા છે ?

**– 1 ટકા**

**49.** ભારતના કયા રાજ્યમાં યોજાતો 'ત્રિશૂર પૂરમ ઉત્સવ' લોકડાઉનને કારણે પ્રથમ વખત રદ કરવામાં આવ્યો છે ? **– કેરળ**

**50.** તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કઈ મોબાઈલ એપના સંદર્ભમાં ગાઈડલાઈન પ્રસિદ્ધ કરીને તે એપ સુરક્ષિત ન હોવાથી તેનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે ? **– Zoom App**

**51.** ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ મંત્રાલય દ્વારા વર્ષ **2020-21** દરમિયાન કેટલા મિલિયન ટન ખાદ્ય ઉત્પાદનનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે ? **– 298 મિલિયન ટન**

(આ લક્ષ્યાંક વર્ષ **2019-20**ના અંદાજિત ઉત્પાદનના લક્ષ્યથી **2** ટકા વધારે છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT